# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૫૮ | વિક્રમ સંવત ૨૦૮૦ : ભાદરવો વદ ૧૨ | પાના - ૧૦ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 58 • Dt. 29-09-2024 Sunday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

29 SEPTEMBER- 2024 SUNDAY




P.09
સરકારે ગોળીઓનો જવાબ શેલ વડે આપ્યો : વડાપ્રધાન મોદી



P.09
તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની સોનુએ શોને અલવિદા કહ્યુ



09
પાકિસ્તાન વિશ્વભરમાં આતંકવાદ | ડ્રગ્સની હેરાફેરી માટે વિશ્વભરમાં કુખ્યાત છે : ભારત



09
અમેરિકામાં દસ દિવસમાં વધુ એક હિન્દુ મંદિર પર હુમલાથી સનસનાટી

**મંદિર પાછળ આવેલી સરકારી જમીન પર દબાણ દૂર કરાયું**

રાત્રીના સમયે ૩૬ જેટલા બુલડોઝરો દ્વારા એક સાથે મેગા ડિમોલેશન શરૂ કરવામાં આવ્યું | સુરક્ષાના ભાગ રૂપે સ્થળ ઉપર ૧૪૦૦ પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા | ગેરકાયદે બનેલા કેટલાક ધાર્મિક સ્થળોના બાંધકામોને તોડી પાડ્યા...

# સોમનાથ મંદિરની આસપાસ ઓપરેશન ડિમોલેશન

## યાત્રાધામ સોમનાથમાં આ કાર્યવાહી હજુ થોડો સમય ચાલુ રહેશે, હાલ સ્થિતિ કાબુમાં છે અને ડિમોલિશનની કામગીરી ચાલી રહી છે : અધિકારીઓ

| પ્રતિનિધિ, સોમનાથ, તા.૨૮ |

ગુજરાતમાં ગેરકાયદે બાંધકામો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી રહી છે. સોમનાથ મંદિરની આસપાસના વિસ્તારમાં તંત્ર દ્વારા ૨૭મી સપ્ટેમ્બરની રાતથી ૩૬ જેટલા બુલડોઝરોએ આ ગેરકાયદે બનેલા કેટલાક ધાર્મિક સ્થળોના બાંધકામો તોડી પાડ્યા છે. કાટમાળ હટાવવા માટે ડમ્પર અને ટ્રેક્ટર-ટ્રોલીઓ ઉપયોગમાં લેવાઈ છે. આ જગ્યાનો ઉપયોગ સોમનાથ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં કરવામાં આવશે. સોમનાથ મંદિરના પાછળના ભાગમાં અનેક ગેરકાયદે બાંધકામો થયા છે, જેને દૂર કરવા વહીવટી તંત્રની ટીમ આવી પહોંચી છે. હાલમાં મોડી રાતથી કાર્યવાહી ચાલી રહી છે, જો કે થોડા સમય માટે કાર્યવાહી પણ બંધ કરવામાં આવી હતી.સોમનાથમાં તંત્રની મોટી બુલડોઝર કાર્યવાહી ચાલી રહી છે. આ પહેલા અહીં મહિનાઓ સુધી સર્વે ચાલી હતી. આ સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ સોમનાથ મંદિર પાછળ આવેલી સરકારી જમીન પર દબાણ દૂર કરવામાં આવી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં અહીં ઘણાં નવા કામો કરવામાં આવ્યા છે અને આ કાર્યવાહી બાદ સોમનાથ મંદિર કોરિડોરના નિર્માણ કાર્યને વધુ વેગ મળવાની ધારણા છે.



**સ્થાનિક લોકોએ ભેગા થઈને ભારે હોબાળો મચાવ્યો**

આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સ્થળ પર ૧૪૦૦ પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે. પોલીસની દેખરેખ હેઠળ ગેરકાયદે બાંધકામ તોડવાની કામગીરી કરવામાં આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે આ કાર્યવાહી હજુ થોડો સમય ચાલુ રહેશે. હાલ સ્થિતિ કાબુમાં છે અને ડિમોલિશનની કામગીરી ચાલી રહી છે. જો કે, કાર્યવાહી થતાં જ સ્થાનિક લોકો ત્યાં એકઠા થઈ ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો.

### ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની મોટી જાહેરાત

# ગુજરાતમાં હવે ૧૨ વાગ્યા સુધી નહી પણ મોડી રાત સુધી ગરબા રમી શકાશે

**નવરાત્રિ દરમિયાન નાના-મોટા વેપારીઓ પોતાના ધંધા રોજગાર મોડી રાત સુધી ખુલ્લા રાખી શકશે**

| પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૮ |

ગુજરાતમાં હવે ૧૨ વાગ્યા સુધી નહી પણ મોડી રાત સુધી ગરબા રમી શકાશે કારણ કે, નવરાત્રિમાં ગરબા રમવાને લઈ ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ મોટી જાહેરાત કરી છે. આ ઉપરાંત નાના વેપારીઓ મોડી રાત સુધી વેપાર કરી શકશે અને પોલીસ તેમની ફરજનું જોડે જોડે પાલન પણ કરશે. સાથે સાથે પોલીસને સૂચનાઓ પણ આપવામા આવી છે. નાગરિકો પણ જવાબદારી નિભાવે અને કોઈને તકલીફ ના પડે તેવું કામ કરે, લોકો હેરાન ન થાય તેની જવાબદારી નાગરિકોની રહેશે તેમ હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.મળતી માહિતી મુજબ, ગુજરાતમાં મોડી રાત સુધી ગરબા રમવા માટે હર્ષ સંઘવીએ લીલીઝંડી આપી છે. હર્ષ સંઘવીએ કહ્યું કે, ગુજરાતીઓ ગરબા નહી રમે તો કોણ રમશે? ત્યારે આ જાહેરાત થતાની સાથે જ ખેલૈયાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. વધુમાં પોલીસને નાગરિકો સહકાર આપે તેવી અપીલ હર્ષ સંઘવીએ કરી છે અને મોડી રાત સુધી વેપારીઓ વેપાર કરી શકશે અને ખેલૈયાઓને મોડી રાત સુધી નાસ્તો પણ બજારમાંથી મળી રહેશે.


SHUBHAM sky TRACK

3 BHK PREMIUM FLATS & SHOPS




SHREENATH DEVELOPERS

Call : +91 93748 31395 +91 98252 11371 +91 99747 42269

200 Ft.Naroda - Dahegam Road, B/h Dev Ashish Pride And Plaza, Opp.Oscar Hills, Hanspura, Ahmedabad

RERA : PR/AHMEDABAD/AHMEDABAD CITY/AHMEDABAD MUNICIPAL CORPORATION/MN182AA10082/130922 Website : www.gujrera,gujarat.gov.in

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## ૩ ઓક્ટોબરથી નવરાત્રિની શરૂઆત થઈ રહી છે, અને ૧૨ ઓક્ટોબરે નવરાત્રિ પૂર્ણ થશે

# નવરાત્રિના નવ દિવસ દરમિયાન દિવસે તડકો અને રાત્રે વરસાદી ઝાપટા પડવાની શક્યતાઓ

### શરદપૂનમના દિવસે પણ દરિયા કિનારે ભારે પવન ફૂંકાશે અને હવામાનમાં ફેરફાર થતા રહેશે અને ક્યાંક ક્યાંક હળવો વરસાદ થવાની શક્યતા

। સીટી રિપોર્ટર, અમદાવાદ,તા.૨૮ ।

તારીખ ૩ ઓક્ટોબરથી નવરાત્રિની શરૂઆત થઈ રહી છે, અને ૧૨ ઓક્ટોબરે નવરાત્રિ પૂર્ણ થશે. ત્યારે અંબાલાલ પટેલે નક્ષત્ર જોઈને ભવિષ્યવાણી કરી કે, નવરાત્રિના દિવસોમાં તડકો પડવાની શક્યતા રહેશે અને તડકા વચ્ચે ક્યાંક વરસાદ થવાની શક્યતા છે. શરદપૂનમના દિવસે પણ દરિયા કિનારે ભારે પવન ફૂંકાશે અને શરદ પૂનમની રાત્રે ચંદ્ર જો શ્યામ વાદળોમાં આખી રાત ઢંકાયેલો હશે તો વાહનોને અસર કરે તેવુ ચક્રવાત બનવાની શક્યતા રહેશે.



તેમણે કહ્યું કે, શરદ પૂનમ પછી પણ હવામાનમાં ફેરફાર થતા રહેશે અને ક્યાંક ક્યાંક હળવો વરસાદ થવાની શક્યતા રહેશે. શરદ પૂનમથી દેવ દિવાળી સુધીના ભાગોમાં હવામાનમાં પલટા આવ્યા કરશે અને દરિયા ભારે પવન ફૂંકાશે. તારીખ ૧૮, ૧૯, ૨૦ ઓક્ટોબર દરમિયાન બંગાળના ઉપસાગરમાં ભારે વાવાઝોડું છે અને તારીખ ૨૨ સુધીમાં રાજ્યના ભાગોમાં વાદળવાયુ વાતાવરણ થઈ શકે અને ક્યાંક માવઠું થવાની શક્યતા પણ રહી શકે છે. આજે રાજ્યમાં ભારે વરસાદને લઈને હવામાન વિભાગે યલો એલર્ટ આપ્યું છે. આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી અને ખેડામાં ભારે વરસાદની આગાહી છે. અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને, મહીસાગરમાં પણ યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ અને, બોટાદમાં ભારે વરસાદ સાથે યલો અલર્ટ છે.મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુકાવાની શક્યતા છે. આવતીકાલે રવિવારે પણ રાજ્યમાં વરસાદની આગાહી છે. આવતીકાલે પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરતમાં ભારે વરસાદ સાથે યેલો અલર્ટ છે. તો ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં યલો અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદની આગાહી છે.હજુ ૩ દિવસ એટલે કે ૩૦ સપ્ટેમ્બર સુધી ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે તેવી હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીની આગાહી છે. તેમણે કહ્યું કે, સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે વરસાદ પડશે. હજી પણ પૂર્વ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ આવશે. વડોદરા સહિત મધ્ય ગુજરાતમાં વરસાદ પડી શકે છે.

## ગાંધીનગરના પીપળજમાં દીપડો દેખાતા ફફડાટ

। પ્રતિનિધિ,ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્યના અનેક વિસ્તારોમાં કેટલીક વાર દીપડા દેખાય છે. ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરના પીપળજમાં મોડી રાત્રે દીપડો દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ તાત્કાલિક ધોરણે દિપડો દેખાયો હોવાની જાણ વન વિભાગને કરી હતી. જેથી વન વિભાગની ૩ ટીમોએ ઘટના સ્થળે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ સાથે જ વન વિભાગે લોકોને ઘરેની બહાર ન નીકળવા અપીલ કરી. તો આ તરફ રાજકોટના ઉપલેટાના ગ્રામ્ય વિસ્તારમાં દીપડો દેખાતા ભયનો માહોલ સર્જાયો. દીપડાએ ભેંસ પર હુમલો કરતા ભેંસને માથા અને આંખના ભાગે ઈજા પહોંચાડી હતી. અહીં દીપડાને પાંજરે પુરવા સ્થાનિકોએ માગ કરી છે. આ ઉપરાંત નવસારીના વાંસદાની વાત કરીએ તો વાલઝર ગામમાં બાળકી પર દીપડાએ હુમલો કરતાં બાળકીને ગળાના ભાગે ૨૨ ટાંકા આવ્યા છે.

## ગોધરા વડોદરા હાઈવે પરથી દારૂના જથ્થા સાથે ૬.૮૫ લાખનો મુદ્દામાલ કબજે

। પ્રતિનિધિ,ગોધરા, તા.૨૮ ।

પંચમહાલના કલોલ તાલુકાના ગોધરા વડોદરા હાઈવે પર ખડકી ટોલ પ્લાઝા પાસેથી કારમાં દારૂનો જથ્થો લઈ જવાતો હોવાની માહિતી સ્ટેટ મોનીટરીંગ સેલના(એસએમસી) અધિકારીઓને મલી હતી. માહિતીને આધારે પોલીસે અહીં જાળ બિછાવીને હુડાઈ કાર અટકાવી હતી. તપાસ કરતા અંદરથી પોલીસને રૂ.૧,૬૧,૭૦૦ નો દારૂનો જથ્થો મલી આવ્યો હતો. પોલીસે દારૂ, રોકડ રકમ બે મોબાઈલ અને કાર મળીને કુલ રૂ.૬,૮૫,૪૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ કેસમાં પોલીસે રાજસ્થાનના ઉદેપુરના રામલાલ એસ.ડાંગી અને કૈલાશ કે.ડાંગીની ધરપકડ કરી હતી. બન્ને વધુ તપાસ માટે વેજલપુર પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવ્યા હતા. જ્યારે દારૂનો જથ્થો મોકલનાર, કારનો માલિક તથા વડોદરામાં દારૂનો જથ્થો મંગાવનારા સહિત ચાર શખ્સોની પોલીસે શોધ હાથ ધરી છે.

## ધોળકા પોલીસ સ્ટેશનઃ એક્સિડન્ટની ફરિયાદ લખવાનો ભાવ ૩૦,૦૦૦

। ક્રાઈમ રિપોર્ટર,ધોળકા ૨૮ ।

ધોળકા પોલીસ સ્ટેશનમાં તહેનાત જમાદાર ફરિયાદના પ્રકાર અનુસાર ‘‘વસુલી’’ કરે છે. તાજેતરના બે અનુભવોને આધારે એ સ્પષ્ટ થયું છે કે ધોળકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદીને જોઈને, ફરિયાદના પ્રકારને જોઈને ફરિયાદી પાસે નાણા માગવામાં આવે છે.હકીકત એ છે કે, થોડા દિવસ પહેલાં ધોળકા પોલીસ સ્ટેશનની હદમાં એક નાનો અકસ્માત સર્જાયો હતો. ગુજરાત સ્ટીલના પ્રવીણભાઈ શાહને ત્યાં ગાડી જતી હતી, જેણે અકસ્માત કર્યો હતો. ટ્રાન્સપોર્ટરની ગાડીથી અકસ્માત સર્જાયો હતો. અકસ્માતથી કોઈને ઈજા નહોતી, પરંતુ વાહનને તેમજ મિલકતને નુકસાન હતું તેથી વીમા કંપનીના ક્લેઈમ માટે પોલીસ ફરિયાદની જરૂર હોવાથી ધોળકા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી કરી હતી. એ અરજીને આધારે જમાદાર સતીષભાઈએ રૂપિયા ૩૦,૦૦૦ની માગણી કરી હતી. આ બાબતે સતીષભાઈની દલીલ હતી કે, જે ફરિયાદ લખાશે તેને આધારે તમારો ક્લેઈમ પાસ થશે અને તમને ઘણા રૂપિયા મળશે. પણ એમાં મને શું મળશે? એટલે ૩૦,૦૦૦ તો આપવા પડશે.માહિતી મુજબ સતીષભાઈ ઘણા સમયથી ત્યાં ફરજ બજાવે છે અને બીજા લોકો પાસે પણ આ રીતે નાણા માગ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## જર જમીન અને જોરું આ ત્રણેય કજીયાના છોરું...

# પાલનપુરમાં સંબંધો લજવાયા! સગા ભાઈ-ભાભીએ ધોળા દિવસે દિયરની હત્યા કરી

। પ્રતિનિધિ,પાલનપુર,તા.૨૮ ।

જર જમીન અને જોરું આ ત્રણેય કજીયાના છોરું...આ કહેવત તો તમે સાંભળી જ હશે પરંતુ આ કહેવત જેવી જ એક ઘટના બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં દિન દહાડે સામે આવી છે. પાલનપુરની બેંક સોસાયટી વિસ્તારમાં દિન દહાડે એક યુવકની હત્યા થઈ ગઈ. ભંગારની લારી લઈ જતા એક યુવકની તેના સગા ભાઈ અને ભાભી એ જ જાહેરમાં ગુપ્તીના ઘા ઝીંકી હત્યા કરી દીધી. પરંતુ ઘટનાની જાણ પાલનપુર પૂર્વ પોલીસને થતા જ પૂર્વ પોલીસે અલગ અલગ ટીમો બનાવી હત્યારા મોટાભાઈ અને ભાભીને દબોચી લીધા તો થયા મોટા ખુલાસા. હવે શું છે હત્યા પાછળનું કારણ...કેમ સગા મોટાભાઈએ જ નાના ભાઈને મોતને ઘાટ ઉતારી દીધો. એવું તો શું બન્યું હતું આ બંને ભાઈઓ વચ્ચે આવો જોઈએ.ભારતીય સંસ્કૃતિમાં મોટાભાઈનો દરજ્જો બાપ સમાન છે. નાના ભાઈ નો જન્મ થાય ત્યારે મોટો ભાઈ જ તેને આંગળી પકડી ચાલતા શીખવાડતો હોય છે. પરંતુ આ જ મોટો ભાઈ જેને નાના ભાઈને આંગળી પકડી ચાલતા શીખવાડ્યું તે જ ભાઈ ભાઈનો હત્યારો બને તેવું સાંભળ્યું છે ખરી. જી હા આવું જ બન્યું છે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં... પાલનપુર શહેરના બેંક સોસાયટી વિસ્તારનો આ બનાવ છે.પાલનપુરના જનતાનગર વિસ્તારમાં રહેતો ગોપાલ દેવીપૂજક ભંગારની લારી ચલાવી ભંગાર એકઠો કરી તેને વેચી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જોકે ગોપાલ પાલનપુરના બેંક સોસાયટી વિસ્તારમાં ભંગારની લારી લઈ ભંગાર એકઠું કરવા પહોંચ્યો હતો. અને તે જ સમયે રેસીડેન્ટલ વિસ્તારમાં મધ્યાહનને સમયે સુમસામ વિસ્તારનો લાભ ઉઠાવી તેનો મોટો ભાઈ અશોક દેવીપુજક અને તેના ભાભી રમીલા દેવીપૂજક બેંક સોસાયટી વિસ્તારમાં પહોંચી ગયા અને ગોપાલ જઈ રહ્યો હતો ત્યારે પાછળથી દોડતા આવી ભંગારની લારી લઈ જઈ રહેલા ગોપાલ પર ગુપ્તી લઈ તૂટી પડ્યા. અને એક બાદ એક ગોપાલના શરીર ઉપર ગુપ્તીના ઘા ઝીંકી દીધા.

## મોરબીના રવાપરની યુવતીને સુરત ફરવા લઈ જઈ હોટલમાં બળાત્કાર ગુજાર્યો

। પ્રતિનિધિ,મોરબી તા.૨૮ ।

મોરબી પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે મોરબીના રવાપર કેનાલ રોડ ઉપર રહેતા એક પરિવારની યુવતી તેના વિસ્તારમાં જ રહેતા યુવકના પરિચયમાં હતી. જેથી યુવક તેણીને ફરવાના બહાને સુરત લઈ ગયો હતો અને ત્યાં કામરેજ વિસ્તારમાં એક હોટલમાં યુવતીની સાથે તેણીની ઈચ્છા વિરૂધ્ધ બળજબરી આચરી હતી. જેથી કરીને ભોગ બનેલ યુવતીએ સમગ્ર ઘટનાની પરિવારને જાણ કરતા પરિવારે હિંમત આપતા યુવતીએ જાત ફરિયાદી બનીને પોલીસમાં ફરિયાદ આપી હતી.જેથી મોરબી એ ડિવિઝન પોલીસે (૦) જીરો નંબરથી ગુનો દાખલ કરીને સુરત પોલીસને મોકલી હોવાનું હાલ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે મોરબીના રવાપર કેનાલ રોડ ઉપર રહેતા એક પરિવારની યુવતી તેના જ વિસ્તારમાં રહેતા ઉદય રતિલાલ સનારીયા નામના યુવકના પરિચયમાં હતી.

## ગુજરાતમાં ભાદરવો ભરપૂર! આજે ૭૩ તાલુકામાં મેઘમહેર થઇ

। પ્રતિનિધિ,ગાંધીનગર,તા.૨૮ ।

ભાદરવો ભરપૂર ઉક્તિ સાર્થક ઠરી રહી હોય તેમ ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. જેમાં સૌથી વધુ વરસાદ તાપીના ડોલવણમાં ૨.૪૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત સુરતના ઓલપાડમાં ૧.૭૩ ઈંચ, વાંપીમાં ૧.૫૦ ઈંચ અને કપરાડામાં ૧.૪૨ ઈંચ જેટલો વરસાદ નોંધાય છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે (૨૮મી સપ્ટેમ્બર) સુરત, ભાવનગર, અમરેલી, તાપી અને નર્મદામાં છુટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ સંભાવના છે. જ્યારે અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, નવસારી, ડાંગ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.



## ગુજરાતી રંગમંચથી લઈને બોલિવૂડમાં બોલબાલા ધરાવતી અભિનેત્રી ભક્તિ રાઠોડ

# નાટક હોય, ટીવી કે હોય બોલિવૂડની ફિલ્મ... શો હાઉસફૂલ થઈ જાય એવી અદાકારા ભક્તિ રાઠોડ

### નાટકો, ટીવી અને બોલિવૂડ ત્રણેયમાં પરચમ લહેરાવનારી ભક્તિના સંઘર્ષ અને સફળતાની કહાની

। અલ્પેશ કારેણા, અમદાવાદ,તા.૨૮ ।

આજે એક એવી અદાકારા વિશે વાત કરવી છે કે જેણે એક્ટિંગની નાની કરિયરમાં ખુબ મોટા રોલ કર્યા છે. અમદાવાદથી લઈને અમેરિકા સુધી તેમણે સ્ટેજ ગજાવ્યા છે અને હવે ફિલ્મી તેમજ સિરિયલના પડદે બૂમ પડાવી રહી છે. ન માત્ર ગુજરાત પણ સમગ્ર ભારત ગૌરવ લઈ શકે એવો એમને સંઘર્ષ અને સફળતા છે. નવા કલાકારો જેમાંથી કંઈક શીખી શકે એવડી મહાન પ્રતિભા હોવા છતાં પોતે હજુ દરરોજ કંઈક નવું શીખવાની જિજ્ઞાસા રાખીને કામ કરે છે. ગદર-૨ ફિલ્મના આખા ટીઝરમાં જેમનો એકનો જ અવાજ હતો એવી આ અભિનેત્રી અને બોલિવૂડ તેમજ ટીવી જગતમાં ગુંજતુ એક મોટું નામ એટલે કે અભિનેત્રી ભક્તિ રાઠોડ.

ફિલ્મ અને ટીવી સિરિયલમાં ઘણા રોલ કરનારી ભક્તિ હવે આગામી ફિલ્મમાં નાના પાટેકર સાથે રોલ નિભાવવા જઈ રહી છે. હિન્દી સિરિયલ પુષ્પા ઈમ્પોસિબલમાં તેમજ આંખ મિંચોલી ( સ્ટાર પ્લસ ) શોમાં પણ ચાહકોએ ભક્તિના રોલ તેમજ એક્ટિંગને ખુબ વખાણી છે. ભક્તિ કહે છે કે ક્યારેક એવું પણ થયું છે કે એક સાથે ૩-૩ પ્રોજેક્ટ શરૂ હોય છતાં થાક નથી લાગતો. લાઈફને એન્જોય કરતાં કરતાં કામ કરી રહી છું અને શોખનો વિષય છે એટલે થાક લાગવાનો સવાલ જ નથી આવતો. અત્યારે લોકો શીખવા કરતાં પ્રખ્યાત થવા માટે આ ઈન્ડસ્ટ્રીમાં વધારે આવે છે. પરંતુ હું શીખવાની ભૂખ લઈને જતી અને પૈસા ખુટી જાય ત્યાં સુધી મે એક્ટિંગ શીખી છે, એટલે જ આજે કામ કરવામાં મજ્જા આવે છે. અત્યાર સુધીમાં ૨૦થી પણ વધારે નાટકો કરી ચૂકી છે અને દરેક નાટકના અંદાજે ૨૦૦ જેટલા શો થાય. આખા ગુજરાત, ભારત અને એ સિવાયના ૧૦ દેશોમાં ભક્તિએ નાટકો કર્યા છે.



### પહેલો જ પ્રોજેક્ટ સ્મૃતિ ઈરાની સાથે

ભક્તિ રાઠોડ હાલમાં ભલે મુંબઈ જેવી મોટી નગરીમાં પોતાનું જીવન પસાર કરી રહી છે. પરંતુ એમને સૌરાષ્ટ્ર અને ગુજરાત સાથે ખુબ જ જૂનો અને દિલનો નાતો. તેઓ લો સુધી ભણ્યા છે. આમ તો ૨૦૦૨થી ઘરે ઘરે પ્રખ્યાત ટીવી સિરિયલ ક્યોંકિ સાસ ભી કભી બહુ થી... માં તેઓએ રોલ કર્યો હતો. નાની ઉંમરમાં જ સીધું સ્મૃતિ ઈરાની સાથે કામ કરવા મળે તો એનાથી વિશેષ ઉપલબ્ધિ બીજી શું હોય. ત્યારબાદ ભક્તિએ સક્રિય એક્ટિંગ છોડી દીધી અને પોતાનું લોનું ભણતર પુરુ કર્યું. રોજિંદી જીવનમાં વ્યસ્ત થઈ ગયા.



### ૧૦ દેશોમાં નાટકોના શો કર્યા । મુંગા, બહેરા, બ્લાઈન્ડ બધા રોલ પણ કર્યા

ત્યાબાદ ફરીથી થિયેટર જોઈન કર્યું અને ૧૮ વર્ષની ઉંમરે ૨૦૦૮માં નાટકો અને થિયેટર તરફ પ્રયાણ કર્યું. કારણ કે ભક્તિ રાઠોડ માટે રંગમંત એ સૌથી અમૂલી વસ્તુ છે. ભક્તિ પોતે કહે છે કે રંગભૂમિ હું છેલ્લા શ્વાસ સુધી નહીં છોડું, કારણ કે એ સૌથી જાગૃત વસ્તુ છે. નાટકો વિશે વાત કરીએ તો ઈટાલિયન, હીન્દી,ગુજરાતી, અંગ્રેજી બધી જ ભાષામાં ભક્તિએ રોલ કર્યો છે. અત્યાર સુધીમાં ૨૦થી પણ વધારે નાટકો કરી ચૂકી છે અને દરેક નાટકના અંદાજે ૨૦૦ જેટલા શો થાય. આખા ગુજરાત, ભારત અને એ સિવાયના ૧૦ દેશોમાં ભક્તિએ નાટકો કર્યા છે. નાની બાળકીથી લઈને ૯૦ વર્ષના બા સુધીના રોલ કર્યા અને મુંગા, બહેરા, બ્લાઈન્ડ બધા રોલ પણ કર્યા છે.






### મહેંદીવાળા હાથે શુટિંગ સેટ પર પહોંચી

ભક્તિનો એક્ટિંગ પ્રત્યેનો લગાવ કેટલો છે એ જાણવા માટે એક જ ઘટના પૂરતી છે કે જ્યારે ૨૦૧૯માં ભાખરવડી સાઈન કરી ત્યારે ભક્તિના નવા નવા લગ્ન થયા હતા અને મહેંદી વાળા હાથ લઈને શુટિંગના શેટ પર પહોંચી હતી. એક્ટિંગ પ્રત્યે આટલો જુસ્સો અને લગાવ એ જ એમની અદાકારી પ્રત્યેનો સમર્પણ ભાવ દર્શાવે છે. બ્લોક બાસ્ટર ફિલ્મ ગદર-૨ લગભગ સમગ્ર ભારતવાસીઓએ જોઈ છે. આ ફિલ્મનું જ્યારે ટીઝર લોન્ચ હતું ત્યારે ભક્તિ ખુદ ચોંકી ગઈ હતી. કારણ કે આખા ટીઝરમાં માત્ર એક જ અવાજ હતો અને એ પણ ભક્તિનો અવાજ...

### બધી જ ક્રેડિટ મારી માતાને આપીશઃ ભક્તિ રાઠોડ

નવા કલાકારો અને પોતાના ગુરુ વિશે વાત કરતાં ભક્તિએ લોક પત્રિકાને જણાવ્યું કે અત્યારના લોકો સફળ થવાની ભૂખ લઈને એક્ટિંગ કરે છે. ખરેખર એ ખોટું છું. જો લોકો શીખવાની ભૂખ લઈને આવશે તો ૧૦૦ ટકા સફળ થશે. લોકો સફળ થવાના ચક્કરમાં કંઈ જ શીખી નથી શકતા. મારા માટે બધા ડિરેક્ટર મારા ગૂરૂ છે. હું અઢળક શીખી છું. કોઈ એકને ગૂરૂ નહીં કહી શકુ, કારણ કે બધાએ મને મારા જીવનમાં બુસ્ટ કરી છે. કારણ કે મારો અસલી અને સૌથી મોટો ગુરુ અનુભવ છે. જો મારે જીવનમાં એક્ટિંગની સફળતાની ક્રેડિટ કોઈને આપવી હશે તો એ મારી માતાને આપીશ. કારણ કે આ દુનિયામાં સૌથી પહેલા મને મારી માતાએ કહ્યું હતું કે ભક્તિ એક્ટિંગ કરી શકશે અને ૧૦૦ ટકા સપોર્ટ પણ કર્યો છે.






## તંત્રી લેખ..

# દોષિત નેતાઓ વધ્યા

દેશભરમાં હાલમાં વોટબેંકની રાજનીતિ સતત ચાલી રહી છે. આ રાજનીતિના કારણે જ જુદા જુદા રાજ્યોમાં સક્રિય રહેલા જુદી જુદી રાજકીય પાર્ટીના નેતા અપરાધિકરણની દિશામાં હાલ આગળ વધી રહ્યા છે. દેશમાં અપરાધી રાજનેતાઓના કારણે ભારતીય રાજનીતિની છાપ સૌથી ખરાબ થઇ છે. અપરાધી નેતાઓ પર અંકુશ કઇ રીતે મુકવામાં આવે તેને લઇને કેટલાક નિષ્ણાંતો વારંવાર પોત પોતાના અભિપ્રાય રજૂ કરતા રહ્યા છે. જાણકાર લોકો માને છે કે ભારતીય રાજનીતિની સૌથી ખરાબ છાપ અપરાધીકરણના કારણે રહી છે. કોઇ સમય શિસ્ત અને નૈતિકતા માટે જાણીતી રહેલી રાજનીતિ આજે વોટબેંકની દિશામાં આગળ વધી છે. હવે વોટબેંકને મજબુત કરવાની નીતી અપનાવવામા આવી રહી છે. આ જ રમતના કારણે નૈતિકતાના તમામ સિદ્ધાતો આજે હવા થઇ ગયા છે. અપરાધીકરણની સ્થિતી મજબુત બની ગઇ છે. શહાબુદીન જેવા લીડરો હિરો બની ગયા છે. જે લોકશાહી માટે કંલગ સન્માન છે. આ કંલકને સાફ કરવા માટે કોર્ટ દ્વારા કાયદામાં સુધારા તો કરવામાં આવ્યા છે પરંતુ કોર્ટના પગલા પુરતા નથી. ભારતીય રાજનીતિમાં રાજકીય બિરાદરી અપરાધીકરણને સુરક્ષિત રાખવા માટે કામ કરે છે. તેમની હિમ્મત એટલી હદ સુધી વધી ગઇ છે કે તે જનતાની અવગણા કરીને અપરાધીઓને પાર્ટીમાં રાખવા માટે તમામ પ્રયોગ પણ કરે છે. રાજનેતા માનવા લાગ્યા છે કે અપરાધીઓને લાવીશુ તો પણ લોકો કંઇક કરી શકશે નહી. કારણ કે સામાન્ય લોકોને આ જ લોકો પૈકી એક વ્યક્તિને પંસદ કરવાની જરૂર પડનાર છે. રાજકીય પક્ષો દ્વારા પ્રજાની નબળાઇનો લાભ લેવામાં આવી રહ્યો છે. જનતાના વિચાર, પસંદ રજૂ કરવાના અધિકાર ઓછા કરવામાં આવે તેવી માનસિકતા સાથે રાજકીય પક્ષો કામ કરે છે. ચૂટણી પાંચ વર્ષમાં એક વખત થાય છે અને પ્રજા પાંચ વર્ષમાં માત્ર એક વખત તેમના અભિપ્રાય વ્યક્ત કરે છે.ભારતમાં વ્યવસ્થા હાલમાં એક વખતે જો કોઇ નેતા જીતી ગયા તો આગામી ચૂટણી સુધી તે પ્રજાની વચ્ચે જતા નથી. પ્રજા સાથે તેના કોઇ લેવાદેવા રહેતા નથી. તેમના પ્રયાસ એ છે કે તેમની પસંદગીને મર્યાદિત કરી દેવામાં આવે. કોઇ રાજકીય પક્ષ એક વખત જો કોઇ અપરાધીને તક આપે છે અને તે જો જોડતોડ મારફતે ચૂટણી જીતી જાય છે તો ત્યારબાદ પ્રજા કઇ પણ કરી શકે નહી. રાજકીય દળો તેને સ્થાપિત કરવામાં લાગી જાય છે. દરેક રાજકીય પક્ષ ચોક્કસ પાર્ટીના લોકોના હાથમાં હોય છે. લાલુ યાદવ, શાહબુદ્ધીન અને અન્ય ટોપના નેતા કેટલાક કેસોમાં ફસાયા હોવા છતાં મોટા કદના નેતા તરીકે રહ્યા છે. લાલુ હજુ આરજેડીના સૌથી મોટા નેતા તરીકે છે. રાજનીતિમાં અપરાધિકરણને રોકવા માટે તરત નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે. સરકાર અને રાજકીય પક્ષોની ઇચ્છા વગર આ કામ શક્ય નથી.

# ગારમેન્ટસ નિકાસની સારી તક છે

કોરોના કાળમાં પ્રતિકળ સંજોગોમાં ડોલરની સામે રૂપિયામાં અવમુલ્યનનો દોર જારી રહ્યો છે. જેના કારણે એકબાજુ ભારત સરકાર અને તમામ અર્થશાસ્ત્રી ચિંતાતુર બનેલા છે. કોરોના સહિના વૈશ્વિક પરિબળોને આના માટે મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. ડોલરની સામે રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. આવી સ્થિતીમાં વસ્ત્રોની નિકાસ કરનાર કારોબારીઓ અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવા માટેની સુવર્ણ તક રહેલી છે. રૂપિયાના થઇ રહેલા અવમુલ્યન વચ્ચે ટેક્સ ટાઇલની ચીજ વસ્તુઓની આયાત કરનાર દેશો પણ ભારતમાંથી આયાતને લઇને હાલમાં પ્રાથમિકતા આપી રહ્યા છે. સાથે સાથે અમેરિકામાં વધતા જતા વેચાણના કારણે ભારતીય ટેક્સટાઇલ નિકાસકારો અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવાની તક રહેલી છે. ભારત કેટલીક ચીજવસ્તુઓના સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે.

ભારત કપાસના સૌથી મોટા ઉત્પાદક દેશ અને નિકાસકાર દેશ પૈકી એક છે. આ એક તથ્ય છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૧ ટકા, નિર્માણ ક્ષેત્રનુ ૧૪ ટકા યોગદાન છે. આવી જ રીતે જીડીપીમાં ચાર ટકા અને દેશની નિકાસ આવકમાં ૧૨ ટકાનુ યોગદાન રહેલુ છે. જે સાબિત કરે છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ કેટલુ મહત્વ રહેલુ છે. કોરોના મહામારી વચ્ચે સરકારે આપેલી રાહતો વચ્ચે આ ક્ષેત્રમાં રોજગારીની તક ઉભી કરવા માટેની શક્યતા પણ સૌથી વધારે છે. આ વાત જુદી છે કે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં વસ્ત્ર અને ટેક્સ ટાઇલ ઉદ્યોગ તરફથી સરકારની પ્રત્યે કેટલીક માંગ રહી છે. તેમના ટાર્ગેટ પણ પૂર્ણ થઇ રહ્યા નથી. અમેરિકાના રાષ્ટ્રીય રિટેલ એસોસિએશનના નવેસરના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૩માં અમેરિકા ટેક્સ ટાઇલ અને વસ્ત્રોના વેચાણમાં નવી ઉંચાઇ સુધી પહોંચી શકે છે. હાલના વર્ષોમાં અમેરિકામાં વસ્ત્રોનુ વેચાણ રેકોર્ડ ગતિથી વધી રહ્યુ છે. અમેરિકામાં બે મહાકાય રિટેલ સ્ટોર વોલમાર્ટ અને ટાર્ગેટ કોર્પ દ્વારા શાનદાર દેખાવ કરવામાં આવ્યો છે.

આવનાર રજાના ગાળા દરમિયાન અમેરિકામાં વસ્ત્ર આયાત વધી જવાની શક્યતા છે.આના કારણે ભારતને સૌથી વધારે નિકાસ કરવા માટેની તક મળનાર છે. ભારતમાંથી સૌથી વધારે નિકાસ અમેરિકામાં થાય છે. યુરોપિયન યુનિયનના દેશોમાં પણ વસ્ત્રોની મોટા પાયે નિકાસ કરવામાં આવે છે. રૂપિયાના સતત અવમુલ્યનના કારણે સ્થિતી સારી થઇ શકે છે. કારણ કે આયાતને પ્રાથમિકતા આપી રહેલા દેશો ભારતમાંથી વસ્ત્રોની આયાતના ઓર્ડર વધારી શકે છે. અમેરિકામાં વેચાણના આંકડા સતત વધી રહ્યાછે. આવી સ્થિતીમાં ભારતના નિકાસકારોની સ્થિતી વધારે મજબુત બની શકે છે.



**દરેક સમાજના શિક્ષિત લોકો આગળ આવીને દાખલા બેસાડી શકે છે**

**દહેજ અત્યાચારના મામલામાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદા બાદ આને લઇને ચર્ચા જોવા મળી રહી છે સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા તમામ રીતે કરવામાં આવી રહી છે**

# દહેજના દુષણો હજુ પણ અકબંધ છે

**સુપ્રીમ કોર્ટના ચુકાદા પણ ઉપયોગી છે : હવે આવા મામલાની જેમ જ ફરિયાદ થશે કે પોલીસની ભૂમિકા પહેલા જ દિવસથી શરૂ થશે**

દહેજ પ્રથાને રોકવા માટે દશકોથી તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાછતાં આ પ્રથા આજે પણ અકબંધ રહી છે. આના કારણે મંદીના માહોલમાં પ્રતિષ્ઠ સમાજના લોકોની હાલત વધારે ખરાબ થઇ રહી છે. દહેજ પ્રથાનો હવે જોરદાર રીતે વિરોધ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે આ પ્રથાને હવે બંધ કરવા માટે જોરદાર રજૂઆત થાય તે જરૂરી છે. સાથે સાથે સમાજમાં લગ્ન કરવા માટે ઇચ્છુક શિક્ષિત યુવાન પણ આનો વિરોધ કરીને દાખલા બેસાડી શકે છે. આનાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રાહત થશે. કાયદા કાનુન અનેક હોવા છતાં દહેજ પ્રથા હજુ પ્રવર્તે છે. દહેજ અત્યાચારના મામલામાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદા બાદ આને લઇને ચર્ચા જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા તમામ રીતે કરવામાં આવી રહી છે. હવે આવા મામલાની ફરિયાદ જેમ જ થશે કે તરત જ પોલીસની ભૂમિકા પ્રથમ જ દિવસથી શરૂ થઇ જશે. જો કે પોલીસને કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા માનદંડોનુ પણ પાલન કરવાનુ રહેશે. કોર્ટના ચુકાદા અને વર્તમાન સ્થિતીને લઇને હાલમાં નિષ્ણાંતો દ્વારા જુદા જુદા અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યા છે. દહેજ અત્યાચારના કેસમાં કાયદાના બિનજરૂરી અને આડેધડ ઉપયોગને લઇને વ્યાપક ફરિયાદો થતી રહી છે. આવી સ્થિતીમાં સુપ્રીમ કોર્ટ અને કેટલીક હાઇ કોર્ટ દ્વારા સમય સમય પર ચુકાદા



આપવામાં આવ્યા છે. દહેજ અત્યાચાર સાથે સંબંધિત કેસોમાં તપાસ કરી રીતે કરવામાં આવે અને ક્યારે કેસ કઇ રીતે દાખલ કરવામાં આવે તેને લઇને હમેંશા માર્ગ દર્શિકા જારી કરવામાં આવી છે. ગયા વર્ષના એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે પરિવાર કલ્યાણ કમિટીની જોગવાઇ કરી હતી. સાથે સાથે તેના રિપોર્ટ સુધી ધરપકડ પર પ્રતિબંધ મુકી દીધો હતો. પરંતુ હવે આવુ રહ્યુ નથી. કારણ કે સુપ્રીમ કોર્ટે તેમાં સુધારો કર્યો છે. હવે સુપ્રીમ કોર્ટે તો પરિવાર કલ્યાણ કમિટીની જોગવાઇને જ ખતમ કરી દીધી છે. પરંતુ દહેજ અત્યાચારના કેસમાં પહેલાના આપવામાં આવેલા ચુકાદાને અમલી કરવા માટે સ્પષ્ટ સુચના આપી દીધી છે. એટલે કે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષના ચુકાદાથી જે રાહત પતિઓને અને તેમના પરિવારના સભ્યોને આપી હતી તે દુર કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે પરિવાર કલ્યાણ કમિટી કાયદા હેઠળ નથી. સાથે સાથે તે સમજુતીના આધાર પર કેસને ખતમ કરાવી શકે તેવી સ્થિતીમાં નથી.કાયદાની આ યોગ્ય વ્યાખ્યા દેખાતી નથી. કારણ કે બિન સમજુતીવાળા કેસમાં જો સેટલમેન્ટ પણ થાય છે તો કેસ હાઇકોર્ટ જ રદ કરી શકે છે. વર્ષ ૨૦૦૩માં દલ્હી હાઇકોર્ટના તત્કાલીન જસ્ટીસ જેડી કપુરે કહ્યુ હતુ કે એવી સ્થિતી જન્મ લઇ રહી છે કે યુવતિ માત્ર પતિ જ નહી બલ્કે તેમના પરિવારના સભ્યોને પણ મામલામાં લપેટી રહી છે. આ જ કારણસર લગ્નના આધાર પણ હવે હચમચી ઉઠ્યા છે. આ બાબત સમાજ માટે બિલકુલ યોગ્ય નથી. જસ્ટીસ કૈલાશ ગંભીરે પોતાના ચુકાદામાં કહ્યુ હતુ કે દહેજ અત્યાચાર કેસમાં પોલીસ લાપરવાહીથી કેસ દાખલ કરશે નહી. બલ્કે તેને પહેલા ડીસીપી રેન્કના અધિકારીની આ સંબંધમાં મંજુરી લેવાની રહેશે. કોર્ટે આને લીગલ ટેરરિઝમ તરીકે ગણીને આની ટિકા કરી છે. વર્ષ ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે આ મામલામાં એક ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો. કોર્ટે કહ્યુ હતુ કે સાત વર્ષ સુધીના કેદના મામલામાં કોઇ જસ્ટીફિકેશન વગર ધરપકડ કરી શકાશે નહી. આમાં દહેજ અત્યાચાર કેસ પણ સામેલ છે. હાઇકોર્ટના વકીલ મુરારી તિવારી કહે છે કે બીજી જુલાઇ ૨૦૧૪ના દિવસે સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે સાત વર્ષ સુધીની જેલની સજાના મામલામાં યોગ્ય આધાર પોલીસ જો ધરપકડ કરે છે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ સીકે પ્રસાદ અને પીસી ઘૌષની બેંચે કહ્યુ હતુ કે કોઇની ધરપકડ માત્ર એટલા કારણસર થઇ શકે નહી કે મામલો બિનજામીનપાત્ર છે. સાથે સાથે ગંભીર છે. પોલીસને આવુ કરવાનો અધિકાર છે. ૨૭મી જુલાઇ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદા આપ્યો હતો. જેમાં કેટલીક જોગવાઇ રદ કરી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ એકે ગોયલ, જસ્ટીસ યુયુ લલિતની બનેલી બેંચે રાજેશ શર્મા વિરુદ્ધ સ્ટેટ ઓફ યુપીના કેસમાં દહેજ અત્યાચાર કેસમાં ઉંડી ચકાસણી કરી હતી. ત્યારબાદ કેટલીક માર્ગદર્શિકા જારી કરી હતી. આના ભાગરૂપે દેશભરમાં પરિવાર કલ્યાણ સમિતી બનાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જિલ્લા લીગલ સર્વિસ ઓથોરિટીને એક કમિટી બનાવવા માટે કહેવામાં આવ્યુ હતુ. જેમાં સિવિલ સોસાયટીના લોકો અને સોશિયલ વર્કરોને સામેલ કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. વ્યવસ્થા કરવામાં આવી કે જો કો દહેજને લગતી ફરિયાદ પોલીસ અથવા તો મેજસ્ટ્રેટની પાસે આવે છે તો તેને કમિટીને સોંપી દેવાની રહેશે. કમિટી ત્યારબાદ બંને પક્ષોને બોલાવશે અને જો જરૂર પડશે તો સેટલમેન્ટ કરાવશે. આ બાબતને પણ જોશે કે ફરિયાદ કેટલીક નક્કર રહેલી છે.



**બી એલર્ટ : પ્રવાસ દરમિયાન વિવિધ સંકેતોને ધ્યાનમાં લેવાની જરૂર**

**હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઇડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે**

# હાર્ટ અટેકના સંકેતની અવગણના ઘાતક

**પ્રવાસ દરમિયાન થનાર મોતમાં હાર્ટ એટેક સૌથી વધારે જવાબદાર હોવાનો દાવો તબીબો કરતા રહ્યા છે : સાવધાની ખુબ જરૂરી છે**

સામાન્ય રીતે તો હાર્ટ અટેકના સંકેતોની અવગણના ક્યારેય કરવી જોઇએ નહીં પરંતુ સફર કરતી વેળા તો સાવધાની બિલકુલ જરૂરી હોય છે. શોધ કરનાર લોકોનુ કહેવુ છે કે સફર દરમિયાન થનાર મોતના મુખ્ય કારણ તરીકે હાર્ટ અટેક હોય છે. સ્પેનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો યાત્રા દરમિયાન હાર્ટ અટેક થાય તો સમયસર સારવાર જરૂરી હોય છે. જો સમયસર સારવાર મળી રહે તો લાંબા સમય સુધી તેના હકારાત્મક પરિણામ મળતા રહે છે. નિષ્ણાંતો કહે છે કે જો તમે સફર કરી રહ્યા છો અને આપના હાર્ટમાં દુખાવો થાય છે તો તેના લક્ષણ રહે છે. જેમ કે છાતિના હિસ્સામાં દુખાવો થાય છે.

ગળા, કમર, પેટ અથવા તો ખભામાં દુખાવો થાય છે. સાથે સાથે ૧૫ મિનિટ સુધી દુખાવો રહે તો તરત એમ્બ્યુલન્સને બોલાવી લેવાની જરૂર હોય છે. હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઇડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે. પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે. આ સમસ્યા હાર્ટના દુખાવાની સમસ્યા ઉભી કરી શકે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા ભાગના



લોકોને હાર્ટ અટેકનો ખતરો પ્રવાસ દરમિયાન રહે છે. અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ઘરમાં થયેલા હાર્ટ અટેકના દર્દીની તુલનામાં હાર્ટ અટેકથી મૃત્યુનો ખતરો ૪૨ ટકા ઓછો થઇ ગયો છે. સફરમાં અટેક થયા બાદ યોગ્ય અને તરત સારવાર મળ્યા બાદ દર્દીએ વહેલી તકે પોતાના તબીબનો સંપર્ક કરવો જોઇએ. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે.

યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઇટ્રીક ઓક્સાઇડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઇન્ડોથેલિયમના નાઇટ્રીક ઓક્સાઇડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઇડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.

નાઇટ્રી ઓક્સાઇડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઇને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઇ હતી.


પરિણામ દર્શાવે છે કે ફ્લેઓનોઇડથી ભરપૂર સફરજન નાઇટ્રીક ઓક્સાઇડમાં સુધારો કરે છે. ને સાથે સાથે ઇન્ડોથેલિયરની કામગીરીમાં સુધારો કરે છે. કાર્ડિયોવેસ્કુલર હેલ્થ ઉપર અસર કરનાર ફેક્ટરને પ્રભાવિત કરવામાં સફરજન ઉપયોગી છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બિયર હાર્ટને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસના આ તારણો બીયર પીનાર લોકો માટે સારા સમાચાર તરીકે છે. જો નવેસરના અભ્યાસની વાત માનવામાં આવે તો ઓછા પ્રમાણમાં અથવા તો મર્યાદિત પ્રમાણમાં બિયરનો ઉપયોગ આદર્શ તરીકે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત તકલીફનો ખતરો ઘટી જાય છે. બિયર પીવાની ટેવ ધરાવતાં ૨૦૦૦૦૦ લોકોને આવરી લઇને કરવામાં આવેલા વિશ્વવ્યાપી જુદા જુદા અભ્યાસના તારણોને ધ્યાનમાં લઇને એક પ્રકારના તારણો પ્રકાશિત કરાયા છે.

# કેટલાક લોકો તો પાર્ટ ટાઇમ નોકરી કરીને પણ એક્સ્ટ્રા ઇનકમ મેળવી લેવામાં સફળ રહે છે

આધુનિક ભાગદોડના સમયમાં અને મોંઘવારીના સમયમાં દરેક પગારદાર વ્યક્તિત વધારાની આવક મેળવી લેવાના પ્રયાસ કરે છે અને આના માટે જુદા જુદા પ્રયોગો કરતા રહે છે. જાણકાર લોકો કહે છે કે વધારાની આવક અથવા તો એકસ્ટ્રા ઇનમક મેળવી લેવાના જુદા જુદા વિકલ્પ છે. પરંતુ જો ઘરે બેઠા જ ઇન્ટરનેટ મારફતે એકસ્ટ્રા પૈસા આવવા લાગી જાય તો તેના કરતા સારી બાબત શુ હોઇ શકે છે. કેટલાક લોકો પાર્ટ ટાઇમ કામ કરીને પણ જંગી આવક મેળવી લેવામાં સફળ રહે છે. પાર્ટ ટાઇમ કામ પણ જો સારી આવકની સાથે હોય તે બાબત વધારે સારી સાબિત થઇ શકે છે.

યુનિફોર્મ રિસોર્સ લોકેટર પણ એક એવુ કામ છે જેના કારણે સારી કમાણી કરી શકાય છે. આના મારફતે કેટલાક લોકોએ તો એક મહિનામાં જ હજારો રૂપિયાની કમાણી કરવા લાગી ગયા છે. અમે હમેંસા ઇન્ટરનેટ મારફતે કઇ રીતે કમાણી કરી શકાય છે તે અંગે માહિતી આપતા રહીએ છીએ. યુનિફોર્મ રિસોર્સ લોકેટરથી કમાણી કઇ રીતે કરવામાં આવે તે બાબત પણ આજે અમે ચર્ચા કરવા જઇ રહ્યા છીએ. આ ઇન્ટરનેટ મારફતે કમાણી કરવાના સૌથી લોકપ્રિય સાધન તરીકે છે. યુનફોર્મ રિસોર્સ લોકેટર શુ છે તે અંગે સૌથી પહેલા પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આનો જવાબ એ છે કે યુનિફોર્મ રિસોર્સ લોકેટર એક એક માધ્યમ છે જેના કારણે સરળતાથી કોઇ પણ લિન્ક શેયર કરવામાં આવી શકે છે.

સોશિયલ મિડિયા પર આ ટ્રેડ પણ કરે છે. હકીકતમાં નાના યુનિફોર્મ રિસોર્સ લોકેટર લિન્કને ઇન્ટરનેટ પર સરળતાથી રિડાયરેક્ટ કરી શકાય છે. આ કોઇ પણ સંસ્થાને લોકેટ કરવામાં મદદ કરે છે. ઇન્ટરનેટ પર વાયરલ થનાર મેસેજ,વિડિયો અથવા તો ફોટો પણ તેના દ્વારા વાયરલ હોય છે. ગુગલ જેવી મોટી સંસ્થા યુનિફોર્મ રિસોર્સ લોકેટરને નાના કરવા જેવી સેવા આપે છે. ઇન્ટરનેટ મારફતે આના દ્વારા કમાણી કઇ રીતે થશે તે સીધો પ્રશ્ન છે. ઇન્ટરનેટ પર સોશિલ મિડિયા પર અમે કેટલીક ચીજો શેયર કરીએ છીએ. યુઆરએલ મારફતે કમાણી કરવા માટે જરૂર છે કે તમે યુઆરએલને નાના કરીને તેને સોશિયલ મિડિયા પર શેયર કરવામાં આવે. આપના દ્વારા શેયર કરવામાં આવેલા યુઆરએલ પર ફ્લેશ થનાર એડને જેટલા યુજર્સ નિહાળે છે તે દ્રષ્ટિથી કંપની આપને પેમેન્ટ કરે છે. લાઇક અને વિજિબિલિટીની દ્રષ્ટિએ આપની કમાણી નક્કી કરવામાં આવે છે. કઇ કંપની તક આપે છે તે અંગે પુછવામાં આવતા પ્રશ્નનો જવાબ







એ છે કે એડએફડોટ એલવાય વેબસાઇટને સૌથી વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. આના કારણે તમે યુઆરએલને શોર્ટ કરીને સરળતાથી પૈસા કમાવી શકાય છે. આના પર કેટલાક ફિચર્સ રહેલા છે. તેમાં લઘુતમ પેમેન્ટ પાંચ ડોલર છે. જેની ચુકવણી પે પોલના મારફતે આપના બેંક ખાતામાં આવે છે.

આપના દ્વારા ઉભા કરવામાં આવેલા યુઆરએલ પર કેટલા હિટ્સ આવે છે તેના અંગે પણ માહિતી મળે છે. વેબસાઇટ દ્વારા નક્કી કરવામાં આવેલા યુઆરએલ પર દરેક દેશમાં અલગ અલગ રેટ નક્કી કરવામાં આવેલા છે. જે કાસ્ટ વ્યુ પર આધારિત હોય છે. ભારતમાં આ ૧.૦૯ ડોલર પ્રતિ ૧૦૦૦ વ્યુ છે. એટલે કે ૭૦.૮૫ રૂપિયાની દ્રષ્ટિએ નાણાં ચુકવે છે. ઘેર બેઠા દરરોજ હજારો રૂપિયાની કમાણી કરી શકાય છે. એડીવી ડોટ -૨ પરથી પણ યુઆરએલને નાના કરીને એક ચોક્કસ રકમ મેળવી શકાય છે. તેમાં ખાસ બાબત એ છે કે તેના પર તમે એક વખતમાં ૧૦૦ અથવા તો તેનાથી વધારે યુઆરએલ એક સાથે નાના કરીને કામ કરી શકો છો. આ વેબસાઇટ પર પરફોર્મિંગ મીટર દ્વારા કેટલાક પગલા લેવામાં આવે છે. અલબત્ત ભારતમાં તેના દ્વારા મળતી રકમ પ્રમાણમાં ઓછી છે. આ વેબસાઇટ ભારતમાં એક લિન્ક પર ૧૦૦૦ વ્યુ આવવાની સ્થિતીમાં ૦.૪૧ ડોલર અથવા તો ૨૬ રૂપિયા આપે છે. લિન્ક બક્સ પણ આ રીતે કામ કરે છે. આના મારફતે યુઆરએલને નાના કરીને પોતાના સોશિયલ નેટવર્ક પર અથવા તો પોતાની વેબસાઇટ પર શેયર કરી શકાય છે. ભારતમાં આ વેબસાઇટસ ૦.૯૧ ડોલર અથવા તો ૫૮ રૂપિયા પ્રતિ વ્યુ આપે છે. હાલમાં એક્સ્ટ્રા આવકની બોલબાલા છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com


CMYK




## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટઅનેનોટરીએન.આઈ. પટેલ, અમારા અસીલ શ્રી દીપક કુમાર કનુભાઈ સોલંકી ઠે, સોલંકીવાસ, લિંબાસી, તા. માતર, જી.ખેડા, ની સુચના થી આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે ખેડા જિલ્લાના માતર તાલુકાના લિંબાસી ની સિમમાં આવેલ બ્લોક/ સર્વે નં. ૧૭૩૮/ પૈકી, ખાતા નં. ૧૩૮૮, જેનું માપ- ૪-૦૪-૭૦, લિંબાસી સિમમાં ખેતી લાયક જમીન આવેલી છે. જે જમીન નો અમારા અસિલે વૈચાણ લેવા માટે નક્કી કરેલ છે. અને તેનું કબ્જા સહિત નું બાનાખત તા. ૦૬/૧૨/૨૦૨૧ ના રોજ કરેલ છે અને આ બાનાખત આધારે અમારા અસીલ નો કબ્જો ભોગવટો આવેલ છે અને તેથી ભવિષ્યમાં પણ આ જમીન ઉપર કોઈ ઈસમોએ બાનાખત કે વેચાણ કે ગીરો કે બક્ષિસ અથવા તો કોઈ પણ જાતનો જમીન ઉપર બોજો કરવો કરાવવો નહીં અને તેમ છતા પણ કરવામાં આવશે તો તેની તમામ જવાબદારી તેની પોતાની રહેશે. જે આ જાહેર નોટિસથી જાહેર કરીએ છીએ.

**તારીખ : ૨૪/૦૯/૨૦૨૪**
**મારી મારફતે**
**નીતીન આઈ પટેલ - એડવોકેટ - મો. ૯૩૨૭૪૨૭૪૧૧**
**સાંઈનાથ રોડ, તાલુકા સેવાસદન પાસે, પેટલાદ**

## જાહેર નોટિસ

**એસ. આર. ત્રિવેદી, મામલતદાર અંને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ, ધોળકાની કોર્ટમાં**
નં.વિલંબિત જન્મ-મરણ નોંધણી/ એસ.આર.નં.૧૩૪/૨૦૨૪
અરજદારઃ ચૌહાણ ઘરમશીભાઈ નસ્સીંહભાઈ, રહે. ભુંભલી, તા. ધોળકા, જી. અમદાવાદ હાલ રહે. સોહમનગર, ખાકરોલ, આણંદ
સામાવાળાઃ જન્મ-મરણ નોંધણી રજિસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ભુંભબી ગ્રામ પંચાયત ગામ-ભુંભલી, તા. ધોળકા, જી.અમદાવાદ
વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
જન્મ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદાર પોતે નામે "ચૌહાણ ધરમશીભાઈ નરસીંહભાઈ" નો જન્મ તા. ૧૨/૧૨/૧૯૫૯ ના રોજ મુ. ભુંભલી, તા. ધોળકા, જી. અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ભુંભલી ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવી અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

**આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આવ્યો. મામલતદાર અને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ, ધોળકા**

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવાનું કે મોજે ખાટા આંબા, તા. માણસા, જી. ગાંધીનગરની સીમના ખાતા નં. ૬૮૨ જેનો જુનો સર્વે/બ્લોક નંબર : ૩૧/૧ અને નવો સર્વે/બ્લોક નં. ૮૩ હે.આરે.ચો.મી. ૦-૨૦-૫૮ આકાર રૂ. ૦.૯૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન નટવરભાઈ વિરચંદભાઈ પટેલ રહે. બહુચર ટેમ્પલ અંબિકા નગર સોસાયટી વાંટામાં, ગોજારીયા, જી. મહેસાણાનાઓની માલીકી કબજા ભોગવટાની વેચાણ હકકે જમીન આવેલ છે. તે જમીન અંગે અમારી પાસે ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે.

ઉપરોકત જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક હિસ્સો હિત-સબંધ બોજો કે અલાખો ધરાવતા હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં લેખિત દસ્તાવેજી પુરાવાઓ સહિત અમોને અમારા નીચે જણાવેલ સરનામે રજી.પો.એ.ડી. દ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યા બાદ જાણ થશે તો મજકુર ખેતીની જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો તે જતો (હકક વેવ) કરેલ છે. તેમ સમજી મજકુર જમીનો અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

તા. ૨૫-૦૯-૨૦૨૪
**અમારી મારફતે કિરણસિંહ આર. ચૌહાણ (એડવોકેટ) ૭.ગોવર્ધન કોમ્પલેક્ષ, જુની મામલતદાર કચેરી રોડ, કુમાર શાળા સામે, દહેગામ તા. દહેગામ, જી. ગાંધીનગર મો. ૯૯૦૯૨ ૮૬૬૫૦**

## જાહેર નોટિસ

એસ.આર ત્રિવેદી, મામલતદાર અને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ, ધોળકાની કોર્ટમાં, જન્મ-મરણ નોધણી/એસ.આર.નં.૧૩૫/૨૦૨૪ **(R.P.A.D)** તા. ૨૦/૦૯/૨૦૨૪ અરજદારઃ ઠાકોર કાળાજી જેણાજી, રહે. કાવીઠીયા વાસ, ગભ-ચલોડા, તા. ધોળકા, જી. અમદાવાદ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, થલોડા ગ્રામ પંચાયત ગામ-ચલોડા, તા. ધોળકા, જી. અમદાવાદ
વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત. જન્મ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારના માતા નામે "જશીબેન જેણાજી ઠાકોર" નું અવશાન તા. ૦૫/૦૫/૧૯૮૪ ના રોજ મુ, ચલોડા, તા. ધોળકા, જી. અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના મરણની નોંધ ચલોડા ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જન્મ નોંધણી અધિનિયમ લાગતા વળગતા ઈસમોને જણાવ તા. ૧૨/૧૨/૧૯૫૯ ના રોજ મુ. ૭ અજ્ઞાનતાને કારણે તેમના જન-જન્મની નોંધ કરાવવા અરજી ક આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા ત રજુ કરવો અન્યથા આગળની ઈસમોએ નોંધ લેવી.

**આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.**
**મામલતદાર અને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ**

## જાહેર નોટિસ

અમારા અસીલની સૂચનાથી અમો ધવલકુમાર નવિનચંદ ત્રિવેદી રહે. નડિઆદ જે આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે અમારા અસિલ નિલેશકુમાર કનુભાઈ પટેલ રહે. પલાણા તેમજ વાંકવાલા શહેજાદ હબીબભાઈ રહે. સાણદિયાવાસ, મુ. નડિઆદ જે આજરોજ આ જાહેર નોટિસ આપી જણાવે છે કે,

અમો એ મોજે ગામ મહોળેલ તા. નડિઆદ, જી. ખેડાની સીમ બ્લોક/સર્વે નં. ૬૪૪ ક્ષેત્રફળ ૦-૬૦-૭૦ તથા બ્લોક/સર્વે નં. ૧૦૯૮ ક્ષેત્રફળ ૦-૩૭-૧૧ વાળી ખેતીલાયક જમીન અમારા અસીલને તા. ૧૮/૦૩/૨૦૧૭ ના રોજ નોટરી સાહેબશ્રી આર. જે. બ્રહ્મભટ સાહેબ સમક્ષ પટેલ ભાવિકકુમાર વિઠ્ઠલભાઈ એ ગીરો કરાર કરી આપેલ છે. જેનો રજીસ્ટર નોંધણી નં. ૨૬૮૩/૧૭ છે. તેથી સદર મિલકત સંદર્ભે કોઈપણ ઈસમે કોઈપણ જાતના વ્યવહાર કરવા કરાવવા નહી સદર કરવામાં મિલક્ત અમોને ગીરો આપેલ છે. જેથી હવે પછી જે કોઈ પણ વ્યવહાર કરવામાં આવશે તે ગેરકાયદેસર રહેશે, અને અમારી કોઈ પણ જાતની જવાબદારી રહેશે નહી જે જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૨૫-૦૯-૨૦૨૪**
**સ્થળ : નડિયાદ**
**ડી. એન. ત્રિવેદી (એડવોકેટ**

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર નિર્મલાબેન ગોવિંદભાઈ રોહિત, રહેવાસી : બંગલા નં.૦૪, શ્રધ્ધા પાર્ક, આલમપુર, તા.જી.ગાંધીનગર ના તે જાહેર જનતાને આ નોટીસ આપી ચેતવણી આપીએ છીએ કે., ઉપરોક્ત ફોટામાં બતાવેલ વ્યક્તિ જે અમારો પુત્ર પિયુષ ગોવિંદભાઈ રોહિત અને તેના પત્ની શિલ્પી બિશ્વાસ છે. અને જેઓના પ્રેમ લગ્ન તા. ૨૦- ૦૨-૨૦૨૦ ના રોજ થયેલા છે અને છેલ્લા (૪) વર્ષથી અમારાથી અલગ રહે છે અને છેલ્લા (૪) વર્ષથી તેઓ અમારા કહ્યામાં નથી અને પોતાની રીતે સ્વચ્છંદી જીવન જીવે છે.

આથી જાહેર જનતાને ચેતવણી આપી જણાવીએ છીએ કે, અમોએ તેઓની સાથે તમામ વ્યવહારો તથા નાણાંકીય વ્યવહારો તોડી નાખેલ હોઈ અને આથી અમારી કોઈપણ જાતની મીલકતમાં તેમનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હીત, હીસ્સો રહેતો નથી. અને અમાડુ તમામ મીલકતમાંથી તેઓને બેદખલ કરેલ હોય જો કોઈપણ વ્યક્તિએ તેઓની સાથે કોઈપણ જાતનો નાણાંકીય કે અન્ય કોઈપણ જાતનો વ્યવહાર કરવો કરાવવો નહી, જો કરવામાં આવશે તો તેની જે-તે વ્યક્તિની અંગત જવાબદારી રહેશે. જે બાબતે મારી કે મારા કુટુંબના સભ્યોની કોઈ જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા ઈસમોએ ગંભીર નોંધ લેવી.

**તા.૨૫-૦૯-૨૦૨૪.**
**અસીલની સહી નિર્મલાબેન ગોવિંદભાઈ રોહિત અસીલની સુચના અને ફરમાઈશથી એમ. એ.મનસુરી, એ.એ.મનસુરી, બિલાલ મનસુરી (એડવોકેટ્સ)**

## જાહેર નોટિસ

હું નીચે સહી કરનાર, હરેશભાઈ જયંતિભાઈ પ્રજાપતિ, ઉ.વ.આ. ૪૬, રહે. એ/૨૪, અમરજયોત સોસાયટી, વરીયા પ્રજાપતિ વાડીની બાજુમાં, શારદા મંદિર સ્કૂલ ચોકડી પાસે, નડિયાદ-૩૮૭૦૦૨, તા. નડિયાદના આથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવીએ છીએ કે, અમારા પુત્ર નામે જીગ્નેશભાઈ હરેશભાઈ પ્રજાપતિ છે તેને ભણાવી-ગણાવી, પરણાવી દીધેલ છે અને હાલમાં છેલ્લા દોઢેક માસથી તે જુદો રહે છે. છેલ્લા એકાદ અઠવાડિયાથી તેની વર્તણૂક બદલાઈ ગયેલ અને ખોટા કૃત્યો કરે છે. વારંવાર ઘરમાં ખોટા ઝઘડા-કંકાસ કરે છે. ખોટા મિત્રોની સોબતે ચડી ગયેલ છે અને અમારા કહ્યામાં નથી જેથી તેની સાથે કોઈપણ જાતનો નાણાકીય, મિલક્ત અંગેનો કે અન્ય કોઈ વ્યવહાર કરવો નહિ અને જો કરશો તો તે અંગેની અમારી કોઈ જવાબદારી રહેશે નહિ. અમારો દીકરો તેની સ્વેચ્છાએ જે કંઈ પણ કૃત્ય કરે તેની સંપૂર્ણ જવાબદારી મારા દીકરાની રહેશે. અમોએ અમારા દીકરા સાથેના તમામ સંબંધો કાપી નાંખેલ છે તેમજ અમારી મિલકતો અંગેના તેને કોઈ હકક આપવાના નથી હવે અમો તેની સાથે કોઈ સંબંધ રાખવા માંગતા.

**તા. ૨૫-૦૯-૨૦૨૪**
**સ્થળ : નડિયાદ**
**(હરેશભાઈ જયંતિભાઈ પ્રજાપતિ)**
**અમારી મારફતે**
**આર. એ. મકવાણા એડવોકેટ રહે. ૩૧૩, કાવેરી પ્લાઝા, મીલ રોડ, સરદાર ભવન સામે, તા. નડિયાદ**

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ-પાટણ સબ ડીસ્ટ્રીકટ-હારીજ મોજે ગામ હારીજના ખાતા નંબર-૧૨૬૬ માં ચૌહાણ નવલસંગ ચતરસંગની નીચે જણાવેલ સર્વે નંબર (૧) સર્વે નંબર-૩૩/પૈકી ૧૧ હે.આરે. ચો.મી. ૧-૫૧-૭૬ જૂની શરત (બિનખેતી માટે પ્રીમિયમને પાત્ર) બિનપિયત ખેતીની જમીનનાં માલિકશ્રીએ અમારી પાસે સદરહુ જમીન પોતાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની છે તથા તમામ પ્રકારનાં બોજા મુક્ત હોવાનું જણાવી વેચાણ આપવા માંગે છે. જેથી અમારી પાસેથી સદરહુ સીમ જમીનનાં ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ દર્શાવેલ જમીન મહેસાણા ડી.સે. કો. બેંક શાખાના બોજા તથા ધી હારીજ પશ્ચિમ વિભાગ સામુદાયિક ખેતી સહકારી મં.લી.ના બોજા સિવાય અન્ય કોઈનો લાગભાગ, હક્ક હિસ્સો, દાવો, ગીરો, બક્ષીસ, પટ્ટો, ઈજમેન્ટ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં અમો ને તે બદલના પુરાવા સહીત રજી.પો.એડી.થી લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક હિસ્સો કે દાવો, બોજો કે ગીરો નથી અગર તો તે સ્વેચ્છાએ જતો (વેવ) કરેલ છે. તેમ સમજી સદરહુ મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે, અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**(એ. આર. એસોસીએટસ)**
**સાજીદખાન એસ. મલેક (એડવોકેટ)**
**ઓફિસ : ૪૫, સત્યમ કોમ્પ્લેક્ષ, રુદ્રાક્ષ સોસાયટી સામે, પાટડી, તા. દસાડા, જી. સુરેન્દ્રનગર (મો. ૯૭૧૨૫૪૩૭૭૭)**

## જાહેર નોટિસ

સી. એલ. સુતરીયા, એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ, અને મામલતદારશ્રી બાવળાની કોર્ટમાં **(R.P.A.D)**
નં. એમ.એ.જી/વિલંબિત જળા-નોંધણી/અરજી નં.૧૪૪/૨૦૨૪
અરજદાર : મકવાણા સુરેશભાઈ નરભેરામ ચેહડિયો વાસ કેશરડી તા. ૨૯/૦૭/૨૦૨૪
સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી અને કેશરડી, કેશરડી, તા. બાવળા, જી. અમદાવાદ વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.
જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વર્ય જાહેર નોટિસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારના માતા નામે શારદાર્બન નરભેરામ મકવાણાનું મરણ તા. ૩૦-૦૮-૨૦૧૯ના રોજ કેશરડી, તા. બાવળા, જી. અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના મરણ નોંધ કેશરડી, બાવળા ગ્રામ પંચાયત કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં ૧. જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૯/૦૭/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

**એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર બાવળા**

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ તે અમારા અસીલ વનરાજસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ રહે. ૧૧૯/૨, રાઠોડવાસ, બોરીજ, ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા દહેગામના મોજે ગામ દેવકરણના મુવાડાની સીમના ખાતા નં. ૫૮૧ ના બ્લોક/સર્વે નં. ૧૧૧૪ (જુના બ્લોક/સર્વે નં. ૫૨૩/૫) ની કુલ હે, આરે, ૧-૩૫-૦૫ ચો.મી. જમીન પૈકીની વગર વહેંચાયેલ જશીબેન તે ભગાજીની વિધવા તથા જાલમજી ભગાજી ઠાકોરની માલીકીની હે. આરે. ૦-૩૦-૦૧.૧૧ ચો.મી. વાળી જમીન અમારા અસીલને કુલ ઉચ્ચક કિંમત રૂા.૮,૦૦,૦૦૦/- પુરામાં વેચાણ આપવાનું નક્કી કરી તે અંગેનો રજી. બાનાખતનો કરાર અનુ. નં. ૧૫૬૬ થી તા. ૦૨-૦૩-૨૦૨૪ ના રોજથી કરી આપેલ છે. અને નકકી કરેલ વેચાણ અવેજની રકમ પૈકી રૂા. ૧,૫૦,૦૦૦/- પુરા અમારા અસીલ પાસેથી બાનાની રકમ પેટે સ્વીકારેલા છે. પરંતુ બાનાખત કરાર કરી આપનારને અવાર નવાર જણાવવા છતાં તેઓ બાકી રહેતી વેચાણ અવેજની સ્કમ સ્વીકારી પાકો રજો. વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી અને સદરહુ જમીનો ત્રાહીત ઈસમોને વેચાણ કરવા ફરતા હોવાનુ અમારા અસીલના ધ્યાને આવેલ છે. જેથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવવાનુ કે ઉપરોકત જમી તેમાં અમારા અસીલનો બાનાખત કરાર આધીન વેચાણ રાખવાનો કાયદેસરનો હકક પહોંશાતો આવેલો હોઈ સદરહુ જમીનો બાબતે કોઈએ કોઈપણ પ્રકારના કરારો કે લખાણો કરવા નહીં કે કોઈ નાણાકીય વ્યવહારો કરવા નહીં તેમ છતાં કરલામાં આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને જવાબદાર તમામની સામે અમારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તા. ૨૬-૦૯-૨૦૨૪**
**સ્થળ : ગાંધીનગર.**
**અમારી મારફતે હેતલ એન. પટેલ ગેટ નં.૨, ન્યાય મંદીર, સેક્ટર-૧૧, ગાંધીનગર. મો.૯૯૧૩૭ ૨૦૯૧૯**

## જાહેર નોટિસ

આથી જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ ખેડા સબ ડિસ્ટ્રીક્ટ મહેમદાવાદના મોજે હલધરવાસ ગામની સીમમાં આવેલ ખાતા નં. ૧૩૦૮, જેનો બ્લોક / સર્વે નં. ૧૫૦૦-અ-પૈકી, જેનું ક્ષેત્રફળ: ૦-૧૬-૨૨ હે. આરે. ચો.મી, જેનો આકારઃ રૂા. ૦.૭૫ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનના કબજેદાર (૧) ભરતભાઈ આશાભાઈ (૨) શોભના અરવિંદભાઈ પ્રજાપતિ (૩) હંસાબેન રણછોડભાઈ કટકીયાના પુત્રી તથા વા.ઓ. દેવકીનંદન ધોળકિયાના પત્નીનાઓની સંયુક્ત માલિકીની કબજા ભોગવટાવાળી આવેલી હોવાનું જણાવી તેઓએ વેચાણ આપવાનું નક્કી કરેલ હોઈ તેઓએ સદરહુ જમીનના ટાઈટલ ક્લિયરન્સ સર્ટીફીકેટની માગણી કરેલ છે. જેથી સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો કે ભરણ પોષણનો હક્ક પોષાતો હોય કે કબજો ધરાવતા હોય કે વેચાણનું નોટરી - રજીસ્ટર - બાનાખત, ગીરો - બોજો કે પાવર ઓફ એટર્ની કે કોઈપણ પ્રકારનું લખાણ વિગેરે જે કાંઈપણ આવેલા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન - ૭માં અમોને નીચેના સરનામે રજીસ્ટર પો. એડી. દ્વારા પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, ગીરો - બોજો કે વેચાણનું નોટરી - રજીસ્ટર - બાનાખત કે કબજો ધરાવતા હોય વિગેરે કાંઈપણ આવેલ નથી અને આવેલ હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ ક્લિયરન્સ સર્ટીફીકેટ આપીશું. તેમાં કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહીં. અને અમારા અસીલ ઉપરોક્ત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

**તારીખઃ ૨૫/૦૯/૨૦૨૪, સ્થળઃ મહેમદાવાદ.**
**મારી મારફતે, સહી/- જગદીશભાઈ પી. પરમાર (એડવોકેટ) રહે, ૨૦/૨, ગઢવી સોસાયટી, મહુધા રોડ, મું. તા. મહેમદાવાદ, જી. ખેડા, મો. ૮૭૮૦૨ ૪૮૫૫૮.**

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક ખેડા સબ ડીસ્ટ્રીક કપડવંજના મોજે કોસમ ગામના ખાતા નં. ૩૭૬ જેનો સર્વે નં. ૫૬ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૩-૬૬ પૈકી ૦-૪૭-૮૮ આરે આકાર રૂ. ૦૦ પૈસાવાળી જમીન જૂની શરતની (૧) રણછોડભાઈ લીલાજીના વારસદારો (૧/૧) જીવતબેન જગદીશભાઈ ખાંટની પત્ની તે રણછોડભાઈની દીકરી (૧/૨) કમુબેન જયંતીભાઈ ખાંટની પત્ની તે રણછોડભાઈની દીકરી નં.૧,૨ રહે. રુદન, તા. મહેમદાવાદ, જી. ખેડા (૧/૩) શંકરભાઈ રણછોડભાઈ રહેવાસીઃ ભગાજીના મુવાડા તા. કપડવંજ, જી. ખેડાનાઓની જમીન જૂની શરતની સંયુક્ત માલિકીની તેમજ કબજા ભોગવટાની આવેલ હોઈ સદર જમીનના માલિકો સદર જમીન વેચાણ કરવા માગતા હોઈ અને સદર સર્વે નં. વાળી જમીનનો ટાયટલ ક્લિયર હોવાની તેમજ કોઈના કોઈપણ જાતના કબજા બોજા રહિત તેમજ ટાયટલ ક્લિયર હોવાનું જણાવી અમારી પાસે સદર જમીનનું ટાયટલ ક્લિયર સર્ટિફિકેટની માગણી કરેલ હોઈ જેથી સદર જમીન બાબતે અન્ય કોઈ ઈશમનો કોઈપણ જાતનો હક્ક લાગ ભાગ હિત કબજા હક્ક કે કોઈપણ જાતનો ગીરો વેચાણનો હક્ક સમાયેલ હોઈ તેમજ કોઈ કાયું પાકું લખાણ કરેલ હોઈ કે કોઈ દાવા દુવી ચાલતું હોઈ તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયે દિન ૭ની અંદર નીચે જણાવેલ સરનામે લેખિત વાંધા સહિત જાણ કરવાની રહેશે. અને મુદત વીતે બાદ સદર જમીનનું ટાઈટલ ક્લિયર હોવાનું માની ટાઈટલ ક્લિયર સર્ટિફિકેટ આપવામાં આવશે અને જમીનનું વેચાણ કરવામાં આવશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ. જેની નોંધ લેવી

**તારીખ : ૨૫-૦૯-૨૦૨૪**
**સ્થળ : કપડવંજ**
**મારી મારફતે**
**અરવિંદ આર, રાવલ (એડવોકેટ)**
**ઓફિસ : ત્રિવેણી પાર્ક ચોકડી કપડવંજ બસસ્ટેન્ડ નજીક કપડવંજ મો. ૯૯૧૩૩૯૦૫૦૧**

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર મીલૌની જે. જાની, એડવોકેટ ગાંધીનગરના અમારા અસીલશ્રી દેસાઈ લાલજીભાઈ ગણેશભાઈ, રહે. ૪૦/એ, સ્વામિનારાયણ સોસાયટી, મોટેરા રોડ, મહેસાણાનાઓની સૂચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે અડાલજની સીમના ખાતા નં. ૧૪૯૭, બ્લોક/ સર્વે નં. ૧૨૩૭ કે જેનું ક્ષેત્રફળ ૦-૨૧-૨૫ હે.આરે.ચો.મી, વાળી જૂની શરતની ખેતીની જમીન શાંતાબેન રામાજી દાજીજી ઠાકોરનાઓ તથા તેમના સહ હિસ્સેદારોની વડીલોપાર્જિત આવેલ છે. સદરહુ જમીન બાબતે ડાહ્યાભાઈ ચેલદાસ પ્રજાપતિનાઓએ ખોટો અને ગેરકાયદેસરનો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૭૫૯, તા. ૦૨/૧૨/૨૦૦૫ના રોજ કરેલ છે, જે રજી. વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે શાંતાબેન રામાજી ઠાકોરનાઓએ અમારા અસીલશ્રીને નોટરી પાવર ઓફ એટર્ની કરીને સદરહુ જમીનનો વહીવટ કરવા આપેલ છે, અને જેના આધારે અમારા અસીલે ગાંધીનગર સિવિલ કોર્ટ ખાતે રે.દી.મુ.નં. ૩૨૨/૨૦૨૧થી દાવો દાખલ કરેલ છે જે હાલ નામ. કોર્ટમાં પેન્ડીંગ છે. જેથી સદરહુ જમીન બાબતે અમારા અસીલની સંમતિ સિવાય કોઈ ઈસમે કે સંસ્થાએ કોઈ પણ જાતના લખાણો કે નાણાકીય વ્યવહારો કરે કરાવવા નહિ અને જો તેમ કરવામાં કસૂર કરશો તો જે તે ઈસમ કે સંસ્થા સામે અમારા અસીલશ્રી દીવાની તથા ફોજદારી રાહે કાર્યવાહી કરશે જેના આવનારા પરિણામો તથા ખર્ચની સંપૂર્ણ જે તે ઈસમ કે સંસ્થાની રહેશે જે જાણ સારુ.

સ્થળ :
**તા. ૨૪/૦૯/૨૦૨૪**
**અસીલની સૂચના અને ફરમાઈશથી મીલીની જે. જાની, એડવોકેટ મો. ૯૩૨૮૫ ૩૦૪૨૯**



## કંગનાનો ફરી નવો વિવાદ!

# ગડકરીએ શિલાન્યાસ કરેલા પ્રોજેક્ટથી નારાજ થઈ કહ્યું- 'અમારા દેવતાનો આદેશ...'



વવાદાસ્પદ નિવેદનોના કારણે હંમેશામાં ચર્ચામાં રહેતી ભાજપના સાંસદ અને બોલિવૂડની જાણીતી અભિનેત્રી કંગના રનૌત ફરી નવો વિવાદ ઉભો કરી તેણે કેન્દ્ર સરકારની મુશ્કેલી વધારી છે. આ વખતે કંગનાને ગડકરી દ્વારા શિલાન્યાસ કરેલા પ્રોજેક્ટથી વાંધો પ ડ્યો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ છ મહિના પ હેલા હિમાચલ પ્રદેશના કુલ્લુ સ્થિત ખરાહલ ખીણમાં વીજળી મહાદેવ રોપવે પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. હવે આ ૨૭૨ કરોડના પ્રોજેક્ટનો કંગના રનૌતે વિરોધ કરવાનો શરૂ કરી દીધો છે. વાસ્તવમાં વીજળી મહાદેવ મંદિર માટે ૨૭૨ કરોડ રૂપિયાના ખર્ચે રોપ-વે બનાવવામાં આવનાર છે, જોકે જ્યારથી આ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી છે, ત્યારથી ખરાહલ અને કશાવરી ખીણના ગ્રામીણો તેનો વિરોધ કરી રહ્યા છે. ગ્રામીણોએ અગાઉ રસ્તા પર ઉતરીને દેખાવો કર્યા હતા. તેઓનું કહેવું છે કે, રોપ-વે બનવાના કારણે દેવતા ખુશ નથી. પ્રોજેક્ટથી રોજગારીને પણ ખરાબ અસર પડશે. આ પ્રોજેક્ટના કારણે અનેક વૃક્ષો કાપવામાં આવ છે, જેનાથી પર્યાવરણને પણ નુકસાન થશે. ભાજપ સાંસદ કંગના રનૌતે કહ્યું કે, 'મેં આ પ્રોજેક્ટ મુદ્દે નીતિન ગડકરી સાથે મુલાકાત કરી હતી. જો અમારા દેવતા ન ઈચ્છે તો આ પ્રોજેક્ટ બંધ થવો જોઈએ. હું ફરી નીતિન ગડકરીને મળીશ. અમારા માટે અમારા દેવતાનો આદેશ આધુનિકીકરણથી પણ વધુ મહત્વનો છે.'

# મેં સ્ક્રીન પર એટલીવાર લગ્ન કર્યા કે કંટાળી ગઇ


## ૩૬ વર્ષની જાણીતી અભિનેત્રી હજુ 'કુંવારી'



ટીવી શો 'કસમ સે' એ પ્રાચી દેસાઈને દરેક ઘરમાં લોકપ્રિયતા અપાવી છે. અભિનેત્રીએ ફિલ્મ 'રોક ઓન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ અભિનેત્રીએ 'બોલ બચ્ચન'થી લઈને જ 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ' જેવી ફિલ્મો કરી હતી. ૧૨ સપ્ટેમ્બર ૧૯૮૮ના રોજ સુરતમાં જન્મેલી પ્રાચી ૩૬ વર્ષની છે, પરંતુ તેણે લગ્ન કર્યા નથી. એક સમયે પરિણીત રોહિત શેટ્ટી સાથે તેના અફેરની વાતો ચાલી રહી હતી.બોલ બચ્ચનના સેટ પર રોહિત અને પ્રાચીની નિકટતા વધી ગઈ હતી. કેટલાક અહેવાલોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે બંનેએ સાથે રહેવાનું શરૂ કરી દીધું હતું પરંતુ પછી તેઓ અલગ થઈ ગયા. એક મેગેઝિન સાથે વાતચીતમાં પ્રાચીએ કહ્યું હતું કે, 'મને પ્રેમમાં દગો મળ્યો છે. હું જેને પ્રેમ કરતી હતી તેની પાછળ વિદેશ પણ ગઈ હતી. તેણે મને કહ્યું હતું કે હું ખાસ દેશમાં જઈ રહ્યો છું. આથી તેને સરપ્રાઈઝ આપવા હું પણ ત્યાં પહોંચી ગઈ. પરંતુ જયારે હું ત્યાં પહોંચી તો મને ખબર પડી કે તે ખોટું બોલી રહ્યો છે. તે એ જગ્યાએ હતો જ નહી.' આ બાબતે પ્રાચીએ કહ્યું કે, 'મેં આ વાત પર કોઈ ડ્રામા ન કરતા તેને સાયલન્ટ રીતે ટ્રીટ કરવાનું યોગ્ય સમજ્યું હતું. હું આ જ રીતે દરેક બાબતનો સામનો કરું છું.'એક અન્ય ઈન્ટરવ્યૂમાં પ્રાચીએ લગ્ન વિશે વાત કરી હતી કે, 'મે સ્ક્રીન પર એટલીવાર લગ્ન કર્યા છે કે મને લાગે છે કે હું તેનાથી કંટાળી ગઈ છું.'

# રૂહ બાબા અને 'મંજુલિકા' વચ્ચે રોમાચંક જંગ જામશે

## અનીસ બઝમી દ્વારા નિર્દેશિત હોરર કોમેડીની ખાસ વાત એ છે કે મંજુલિકા ફિલ્મમાં પાછી ફરી છે




વર્ષની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. અનીસ બઝમી દ્વારા નિર્દેશિત હોરર કોમેડીની ખાસ વાત એ છે કે મંજુલિકા ફિલ્મમાં પ છી ફરી છે. મંજુલિકાએ અગાઉ ભૂલ ભુલૈયામાં અક્ષય કુમારનો સામનો કર્યો હતો અને હવે કાર્તિક આર્યન તેનાથી છૂટકારો મેળવતો જોવા મળશે., , વર્ષ ૨૦૦૭માં પ્રિયદર્શન ફિલ્મ 'ભૂલ ભુલૈયા' લાવ્યા જે બોક્સ ઓફિસ પર સુપ રહિટ રહી હતી. ફિલ્મમાં વિદ્યા બાલને મંજુલિકા અને અક્ષય કુમારે ડોક્ટર આદિત્યની ભૂમિકા ભજવી હતી. પરેશ રાવલ, શાઈની આહુજા, અમીષા પટેલ અને રાજપાલ યાદવ અભિનીત આ ફિલ્મને લોકોએ ખૂબ વખાણી હતી., , પછી ૧૫ વર્ષ પ છી ૨૦૨૨ માં, અનીસ બઝમી દ્વારા દિગ્દર્શિત, ભૂલ ભૂલૈયા ૨ આવી અને અક્ષય કુમારની જગ્યાએ કાર્તિક આર્યન આવ્યો. આ ફિલ્મમાં તબ્બુ ડાકણની ભૂમિકામાં જોવા મળી હતી અને કાર્તિકની જોડી કિયારા અડવાણી સાથે હતી. ફિલ્મ સુપરહિટ થયા બાદ હવે ત્રીજી ફિલ્મ પણ આવી ગઈ છે., , ભુલ ભુલૈયા ૩માં પહેલા કરતા વધુ રસ છે કારણ કે મંજુલિકા એટલે કે વિદ્યા બાલન તેમાં પાછી આવી છે. ફિલ્મના ટીઝરમાં મંજુલિકાની ઝલક બતાવવામાં આવી છે. રૂહ બાબાનું પાત્ર ભજવનાર કાર્તિક આર્યન મંજુલિકાથી છૂટકારો મેળવવાનો પ્રયાસ કરતો જોવા મળ્યો હતો., , ૧ મિનિટ ૪૬ સેકન્ડના ટીઝરમાં જોઈ શકાય છે કે મંજુલિકા જે પેલેસમાં રહે છે તેના રૂમનો દરવાજો ખુલી ગયો છે.

# અભિનેતા સ્ટીરિયોટાઈપિંગ એક્ટિંગનો શિકાર થયા



બોલિવૂડમાં આજે પણ નેપોટિઝમના અનેક કિસ્સાઓ જોવા મળે છે. ફિલ્મી જગતમાં વંશવાદ અને ઓળખાણ વિના કામ મળતુ ન હોવાનુ સ્ટીરિયો આજે પણ અકબંધ છે. આ સિવાય ઘણા કલાકારો એવા પણ છે કે, જેમની એક્ટિંગ અને પર્સનાલિટીની એક ચોક્કસ છબી નિર્મતાઓ અને દિર્ગદર્શકોના મનમાં ઘડાઈ ગયા બાદ તેને દૂર કરવી ખૂબ મુશ્કેલ બને છે. આવી જ એક સ્ટીરિયોટાઈપ માનસિકતાનો શિકાર જાણીતા એક્ટર મનોજ બાજપેયી બન્યા છે. મનોજ બાજપેયી બોલિવૂડના સેલ્ફ મેડ અભિનેતામાંથી એક છે. પોતાની કાબેલિયત અને મહેનતના દમ પર તેમણે એક શાનદાર અભિનેતા તરીકે પોતાની ઓળખ બનાવી છે. તાજેતરમાં તેમને ૭૦માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં સ્પેશિયલ મેન્શનથી સન્માનિત કરાયા હતા.


# હવે પાછી આવી જાસ્મીન ભસીનની આંખોની રોશની

## અચાનક દેખાતુ બંધ થઈ ગયુ હતુ

મુંબઈની ટીવી એક્ટ્રેસ જસ્મીન ભસીનની કોર્નિયા ડેમેજ થવાના સમાચાર સામે આવ્યા છે. આ પછી તેને તાત્કાલિક સારવારની જરૂર પડી હતી. જાસ્મીન ભસીનને એક શો દરમિયાન અચાનક આંખોની રોશની જતી રહી હતી અને તેને દેખાતુ બંધ થઈ ગયુ હતુ. તસવીરમાં આંખો પર જાડી પટ્ટી છે. જસ્મીનની કોર્નિયા ડેમેજ થવાના સમાચાર બહાર આવતા ચાહકો ચિંતાતુર બની ગયા હતા અને તેઓએ સોશિયલ મીડિયા પર જસ્મીન ભસીનની ઝડપથી સાજા થવાની પ્રાર્થના પણ શરૂ કરી હતી. જોકે હવે જાસ્મીનની આંખોની રોશની પાછી આવી ગઈ છે.થોડા સમય પહેલા જસ્મીન ભસીને તેની ઈન્સ્ટા સ્ટોરી પર એક તસવીર શેર કરી હતી, જેના કેપ્શનમાં તેણે લખ્યું હતું કે, નાઉ બેટર એન્ડ રિકવર, તમારા પ્રેમ અને આશીર્વાદ માટે આભાર, જેનો સ્પષ્ટ અર્થ છે કે જસ્મીન ભસીન હવે સ્વસ્થ થઈ રહી છે. પણ એકાએક તેને જોવાનું બંધ થઈ ગયું. તેની કોર્નિયા ડેમેજ થયાના સમાચાર સામે આવ્યા હતા. એવું પણ કહેવામાં આવી રહ્યું હતું કે લેન્સના ઉપયોગને કારણે, તેની કોર્નિયાને નુકસાન થયું અને અચાનક અભિનેત્રીએ તેની દ્રષ્ટિ ગુમાવી દીધી.જાસ્મીન ભસીનના ચાહકો માટે આ એક સારા સમાચાર છે કે સારવાર બાદ તેની આંખોની રોશની પાછી આવી રહી છે અને ટૂંક સમયમાં તે સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે. તમને જણાવી દઈએ કે જસ્મીન ભસીન એક ટીવી એક્ટ્રેસ છે, જેણે નાગિન જેવી સિરિયલોમાં જબરદસ્ત ભૂમિકા ભજવી હતી અને બિગ બોસ ૧૪માં સ્પર્ધક તરીકે પણ જોવા મળી હતી. જો આપણે બિગ બોસ સીઝન ૧૪ વિશે વાત કરીએ તો તે રૂબીના દિલાઈકે જીતી હતી.




# ૨૦૦ કરોડથી વધારે છે થલાઈવાની ફી, તેમ છતાં છે પાછળ !



સાઉથના સુપરસ્ટાર અભિનેતા રજનીકાંતને ચાહકો થલાઈવા કહે છે. તેમણે માત્ર સાઉથ નહિ પરંતુ બોલિવુડમાં પણ પોતાની એક્ટિંગથી ચાહકોના દિલ જીત્યા છે. આજે તેની ઓળખ દુનિયાભરમાં છે. રજનીકાંત ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સૌથી મોંઘા સ્ટારમાંથી એક છે. રિપોર્ટ અનુસાર તે એક ફિલ્મ માટે ૨૦૦ કરોડથી વધારે ચાર્જ લે છે. પરંતુ શું તમે જાણો છો કે, જે એક અભિનેતા મેળવી ન શક્યો તે એક કોમેડિયન અને અભિનેતા બ્રહ્માનંદમે મેળવ્યું છે. જે થલાઈવાથી વધુ અમીર છે. તો ચાલો તેના વિશે જાણીએ. બ્રહ્માનંદમે વર્ષ ૧૯૮૫માં પોતાના એક્ટિંગ કરિયરની શરુઆત કરી હતી. શરુઆતમાં નાના-મોટા રોલ કરતો હતો પરંતુ આજે તે પોતાની એક્ટિંગથી મોટું નામ કમાયું છે. તેનું નામ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધાયું છે. તે ઈન્ડસ્ટ્રીની લગભગ તમામ ફિલ્મોમાં જોવા મળે છે. રજનીકાંતે તેનાથી ૧૦ વર્ષ પહેલા ૧૯૭૫માં એક્ટિંગથી ડેબ્યુ કર્યું હતુ. આજે બંન્ને સ્ટારની મોટી ફેનફોલોઈંગ છે.ફિલ્મમાં નાનો રોલ હોય છે. પરંતુ તેના રોલમાં તે તનતોડ મહેનત કરે છે.એટલા માટે આજે તેનું નામ સૌથી વધારે ચાર્જ લેતા સ્ટારમાં નામ આવે છે. તે ઈન્ડસ્ટ્રીનો ટોપ કોમેડિયન પણ છે.

# કેબીસીમાં અમિતાભ બચ્ચને કર્યો શોકિંગ ખુલાસો


બોલીવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન હાલમાં ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ ૧૬'ને હોસ્ટ કરી રહ્યા છે. આ શો દરમિયાન બિગ બી સ્પર્ધકો સાથે વાતચીત કરતા હસતા અને મજાક કરતા જોવા મળે છે. ક્યારેક તેઓ પોતાના જીવનની અમુક રસપ્રદ વાતો પણ બધા સાથે શેર કરતા જોવા મળે છે. આવો જ એક કિસ્સો તાજેતરમાં અમિતાભ બચ્ચને લોકપ્રિય પોપસ્ટાર માઈકલ જેક્સન સાથે સંબંધિત તેમને સંભળાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જયારે મેં પહેલી મીટિંગમાં માઈકલ જેક્સનને જોયા હતા, ત્યારે હું તેમણે જોઈને લગભગ બેહોશ થઈ ગયો હતો., તાજેતરમાં પદ્મશ્રી એવોર્ડ વિજેતા ડૉ. અભય અને ડૉ. રાની બંગ દ્રમ્ઝ મંચ પર ભાગ લેવા માટે આવ્યા હતા. તેમની સાથે રમતી વખતે અમિતાભ બચ્ચને રાની બેંગને તેમના પ્રિય ગાયક વિશે પૂછ્યું હતું. તે વાતચીત દરમિયાન માઈકલ જેક્સનની વાર્તા સામે આવી હતી. પોપ કિંગનું નામ સાંભળતાની સાથે જ અમિતાભ બચ્ચન જૂની યાદોમાં ખોવાઈ ગયા., આ દરમિયાન અમિતાભ બચ્ચને માઈકલ જેક્સન સાથેની તેમની પહેલી મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'હું ન્યૂયોર્કની એ જ હોટલમાં રોકાયો હતો જ્યાં માઈકલ જેક્સન પણ રોકાયા હતા. એક દિવસ મેં મારા રૂમનો દરવાજો ખટખટાવવાનો અવાજ સાંભળ્યો. પછી મેં ઊઠીને દરવાજો ખોલ્યો ત્યારે સામે માઈકલ જેક્સન ઊભા હતા. હું તેમને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો હતો. એમને જોઈને હું બેહોશ થવનો હતો, પરંતુ મેં મારી જાતને નિયંત્રિત કરી અને સંયમ જાળવી રાખ્યું, પછી મેં માઈકલ જેક્સનનું અભિવાદન કર્યું, અને તેમણે મને પ ૂછ્યું કે શું આ મારો રૂમ છે?



# પ્રોડ્યુસર સાથે લગ્ન બાદ આ એક્ટ્રેસનું કરિયર રહ્યું ફ્લોપ

## અનેક સ્ટાર્સ સાથે કર્યુ કામ

આજે આપણે એક એવી અભિનેત્રી વિશે વાત કરીશું જે ૨૦૦૯થી ફિલ્મોમાં એક્ટિવ છે. ૧૩ વર્ષના કરિયરમાં તેણે સૌથી મોટા સ્ટાર્સ સાથે વિવિધ ભાષાઓની ફિલ્મોમાં કામ કર્યું છે.આજે આપણે એક એવી અભિનેત્રી વિશે વાત કરીશું જે ૨૦૦૯થી ફિલ્મોમાં એક્ટિવ છે. ૧૩ વર્ષના કરિયરમાં તેણે સૌથી મોટા સ્ટાર્સ સાથે વિવિધ ભાષાઓની ફિલ્મોમાં કામ કર્યું છે. તેણે અરુણ વિજય, મહેશ બાબુ, રામ પોથિનેની અને અલ્લુ અર્જુનથી લઈને અજય દેવગન, અમિતાભ બચ્ચન અને સિદ્ધાર્થ મલ્હોત્રા સુધીના ઘણા મોટા સ્ટાર્સ સાથે ફિલ્મો કરી અને પોતાના દમદાર અભિનયથી દર્શકોના દિલમાં સ્થાન મેળવ્યું છે. જો કે, તેને બોક્સ ઓફિસ પર ઘણી નિરાશાઓનો પણ સામનો કરવો પડ્યો છે. પ્રોડ્યૂસર સાથેના લગ્ન પછી તેનું કરિયર ફ્લોપ રહ્યું હતું.અમે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તે અન્ય કોઈ નહીં પણ રકુલ પ્રીત સિંહ છે.રકુલે પોતાના કરિયરની શરૂઆત કન્નડ ફિલ્મ ગિલ્લી (૨૦૦૯)થી કરી હતી. તેણે તેલુગુ અને તમિલ સિનેમામાં અભિનય કર્યો હતો અને કેરાટમ (૨૦૧૧), થડૈયારા થાક્કા (૨૦૧૨) અને વેંકટાદ્રી એક્સપ્રેસ (૨૦૧૩), પ ંડાગા ચેસ્કો (૨૦૧૫), સર્રેનોડુ (૨૦૧૬), ધ્રુવ (૨૦૧૬) નન્નાકુ પ્રેમથો (૨૦૧૬) અને જૈદ્દીી (૨૦૧૭) જેવી ફિલ્મોમાં કામ કર્યું હતુંતમિલ અને તેલુગુ સિનેમા બાદ રકુલે બોલિવૂડમાં પણ સફળ ડેબ્યૂ કર્યું હતું. રકુલે યારિયાં (૨૦૧૪)થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું.





ફેક્ટરીમાં ૧૦-૧૨ લોકો કામ કરતા હતા

## સોનીપતના રિધૌ ગામમાં ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં આગ

। સોનીપત, તા.૨૮ ।

સોનીપતના રિધૌ ગામમાં ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં લાગેલી આગમાં ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે અકસ્માતમાં લગભગ ૬ લોકો આગમાં ખરાબ રીતે દાઝી ગયા હતા, જેમને પીજીઆઈ રોહતકમાં દાખલ કરવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે ફેક્ટરીમાં ૧૦-૧૨ લોકો કામ કરતા હતા. શનિવારે સવારે લગભગ ૯.૩૦ વાગ્યે ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ સાથે આગ લાગી હતી. આગ અને જોરદાર અવાજને કારણે આ વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. આ અંગે લોકોએ ફાયર વિભાગની ટીમને જાણ કરી હતી.વસ્તીવાળા વિસ્તારમાં એક મકાનમાં ગેરકાયદેસર રીતે ફટાકડાની ફેક્ટરી ચલાવવામાં આવી રહી હતી. જાણ થતાં ફાયર વિભાગની ટીમ પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો. ફેક્ટરીમાં કામ કરતા ત્રણ લોકોના મોત થયા છે. મૃતદેહોની ઓળખ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અકસ્માતમાં દાઝી ગયેલા પાંચ-છ લોકોને એમ્બ્યુલન્સની મદદથી પીજીઆઈ રોહતક મોકલવામાં આવ્યા છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે.લોકોને ઘરની અંદર ફટાકડાની ફેક્ટરી ચલાવવાની જાણ નહોતી. આ અકસ્માત બાદ જાણી શકાશે. આ મામલે પોલીસનું કહેવું છે કે તપાસ બાદ સ્થિતિ સ્પષ્ટ થશે. પ્રથમ રાહત અને બચાવ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે.

### નેપાળમાં જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું

# નેપાળમાં ભારે વરસાદને કારણે નદીઓ વહેતી થઈ । લોકોને સાવચેત રહેવા ચેતવણી આપી

**પૂરની આગાહી વિભાગે દેશના વિવિધ ભાગોમાં પૂરની ચેતવણી જારી કરી । ભારે વરસાદ બાદ વિવિધ નદીઓના જળસ્તરમાં સતત વધારો થશે અને લોકોને સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યું**

। કાઠમાંડૂ, તા.૨૮ ।

નેપાળમાં સતત વરસાદ પડી રહ્યો છે. જેના કારણે સામાન્ય જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. નદીઓમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. અહીંના પૂરની આગાહી વિભાગે દેશના વિવિધ ભાગોમાં પૂરની ચેતવણી જારી કરી છે. ભારે વરસાદ બાદ વિવિધ નદીઓના જળસ્તરમાં સતત વધારો થશે અને લોકોને સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યું છે.પૂરની આગાહી વિભાગનું કહેવું છે કે મુખ્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં, અરુણ બેસિન (સંખુવાસભા જિલ્લો) થી બાણગંગા (કપિલવસ્તુ જિલ્લો) સુધીની નદીઓ વહેતી રહેશે. આ ઉપરાંત દૂધકોશી, સંકોશી, બાગમતી, નારાયણી, ટીનાઈ અને તેમની ઉપનદીઓના જળસ્તરમાં પણ વધારો થતો રહેશે.નેપાળમાં



મુશળધાર વરસાદને કારણે રસ્તાઓ અને મકાનો ખરાબ રીતે ડૂબી ગયા હતા. અરુણ બેસિનથી બાણગંગા બેસિન સુધીની નદીઓ માટે આગામી ૨૪ કલાક માટે ગંભીર પૂરની ચેતવણી જારી કરવામાં આવી છે. આ પ્રદેશમાં દેખરેખ હેઠળની લગભગ તમામ નદીઓએ ચેતવણીના સ્તરને વટાવી દીધું છે, જેમાં ઘણી ગંભીર જોખમી સ્તરોની નજીક છે. વિભાગે કહ્યું કે સનાકોશી અને બાગમતી નદીઓ પહેલાથી જ ખતરાના નિશાનથી ઉપર છે. તેમનું સ્તર સતત વધતું જાય છે.

તે જ સમયે, અરુણ, દૂધકોશી, નારાયણી, તિનાઈ અને બાણગંગા નદીઓ પણ ચેતવણીની મર્યાદાને વટાવી ગઈ છે અને વધી રહી છે.હવામાનની સ્થિતિ પર, પૂરની આગાહી વિભાગે કહ્યું કે નદીના તમામ વિસ્તારોમાં સતત વરસાદ નોંધાઈ રહ્યો છે. આગામી ૨૪ કલાકમાં વધુ ભારે વરસાદની શક્યતા છે. સતત વરસાદને કારણે પૂરની સ્થિતિ વધુ વણસી શકે છે.વિભાગે લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અને સલામત, ઊંચા વિસ્તારોમાં રહેવા વિનંતી કરી છે. લોકોને સતત અપડેટ રહેવા માટે કહ્યું. સાથે જ ચેતવણી પણ આપી છે કે જો કોઈ નીચાણવાળા વિસ્તારોમાંથી હોય તો તેઓ સ્થળાંતર કરવા તૈયાર રહે. વધુમાં, પૂરની આગાહી વિભાગ (ટોલ-ફ્રીઃ ૧૧૫૫) ને સહાય માટે સ્થાનિક સત્તાવાળાઓ અથવા કટોકટી સેવાઓનો સંપર્ક કરવા કહેવામાં આવે છે. નેપાળમાં સતત વરસાદ પડી રહ્યો છે. જેના કારણે સામાન્ય જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. નદીઓમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે.

## જેપીસીની બેઠક દરમિયાન ઝપાઝપીના મામલે મુંબઈ પોલીસે એફઆઇઆર નોંધી

। મુંબઇ, તા.૨૮ ।

મુંબઈઃ વક્ફ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૪ના મુદ્દે જેપીસીની બેઠક દરમિયાન ફાટી નીકળેલી ઝપાઝપીમાં મુંબઈ પોલીસે એફઆઈઆર નોંધી છે. આ કેસમાં, ફરિયાદી ઈરફાન અલી પીરઝાદેના નિવેદનના આધારે, મુંબઈ એરપોર્ટ પોલીસે શાહબાઝ શાહિદ નામના વ્યક્તિ વિરુદ્ધ મ્દ્રજીની કલમ ૧૯૬, ૧૧૫ (૨), ૩૫૧ (૨) હેઠળ એફઆઈઆર નોંધી છે.તમને જણાવી દઈએ કે જેપીસીની આ બેઠક મુંબઈના તાજ સાંતાક્રુઝમાં યોજાઈ હતી, જ્યાં બે લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું. ઈરફાને ફરિયાદમાં દાવો કર્યો હતો કે જ્યારે તેણે આ બેઠકમાં વક્ફ સુધારા બિલનું સમર્થન કર્યું ત્યારે અસદુદ્દીન ઓવૈસી, કલ્યાણ બેનર્જી જેવા નેતાઓએ તેને બહાર કરવાનો ઈશારો કર્યો હતો. જે બાદ શાહબાઝ નામના વ્યક્તિએ તેને ધક્કો માર્યો અને કહ્યું કે તે કાફિરોની મદદ કરે છે અને તેને જોઈ લેવાની ધમકી પણ આપી હતી.શાહબાઝ હજ કમિટિનો સ્ટાફ હોવાનું કહેવાય છે, મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

## દુર્ભાગ્યવશ, ગરીબ વ્યક્તિને અમીર વ્યક્તિ જેટલો ન્યાય નથી મળતો : રાષ્ટ્રપતિ

। હૈદરાબાદ, તા.૨૮ ।

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ હૈદરાબાદમાં નેશનલ એકેડેમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના ૨૧મા વાર્ષિક કોન્વોકેશનને સંબોધિત કર્યું. ફંકશનને સંબોધતા તેમણે કહ્યું, હું નલસારને તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સહિત તમામ હિસ્સેદારોનો ટેકો મેળવવા અને મહિલા એડવોકેટ્સ અને કાયદાના વિદ્યાર્થીઓનું રાષ્ટ્રવ્યાપી નેટવર્ક સ્થાપિત કરવામાં મદદ કરવા વિનંતી કરું છું. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, "નેટવર્ક મહિલાઓ પર થતા અત્યાચારને રોકવા માટે કામ કરશે અને આવા અત્યાચારના મામલાઓનો સામનો કરવા માટે નક્કર પ્રયાસો કરશે."રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, દુર્ભાગ્યવશ, ગરીબ વ્યક્તિને અમીર વ્યક્તિ જેટલો ન્યાય નથી મળતો. આ અયોગ્ય પરિસ્થિતિ વધુ સારા માટે બદલવી પડશે. આપણા જેવા મહાન દેશ માટે ઈતિહાસને સમજવાથી રાષ્ટ્રીય ગૌરવ અને આકાંક્ષાઓ જાગે છે. બંધારણ સભામાં તેમના સમાપન ભાષણમાં ડૉ.બી.આર. આંબેડકરે પ્રાચીન ભારતની લોકશાહી પરંપરાઓ અને પ્રથાઓ પર પ્રકાશ પાડ્યો હતો. રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને કહ્યું કે તેઓ કાયદાકીય વ્યાવસાયિકો તરીકે કોઈપણ ભૂમિકા પસંદ કરી શકે છે.


### ચીનના સંરક્ષણ મંત્રાલયનું નિવેદન

# ચીન દ્વારા પૂર્વ લદ્દાખ અંગે ભારત સાથે કેટલાંક મુદ્દે સંમતિ સાધી!!

**ચીન અને ભારત બંને દેશો મંત્રણા મારફત તેમના મતભેદોમાં ઘટાડો કરીને અમુક સર્વસંમતિ સાધી શક્યા । બંને દેશોના વિદેશ પ્રધાનો તથા ચીનના વિદેશ પ્રધાન અને ભારતના નેશનલ સિક્યોરિટી એડવાઇઝર સામેલ**

। નવી દિલ્હી, તા.૨૮ ।

ચીન અને ભારત પૂર્વી લદ્દાખમાં સંઘર્ષના પોઈન્ટ્સ પરથી લશ્કરી દળોને પરત બોલવવા અંગે મતભેદો ઘટાડીને કેટલીક સર્વસંમતિ સાધી શક્યા છે તથા બંને પક્ષોને સ્વીકાર્ય ઉકેલ શોધવા મંત્રણા ચાલુ રાખવા સંમત થયા છે, એમ ચીનના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ઝાંગ ઝિયાઓગાંગે જણાવ્યું હતું કે બંને દેશોના નેતાઓના માર્ગદર્શન હેઠળ ભારત અને ચીન રાજદ્વારી અને લશ્કરી માધ્યો મારફત એકબીજા સાથે મંત્રણા કરી રહ્યાં છે. તેમાં બંને દેશોના વિદેશ પ્રધાનો તથા ચીનના વિદેશ પ્રધાન અને ભારતના નેશનલ સિક્યોરિટી એડવાઈઝર સામેલ છે. સીમા સંવાદ વ્યવસ્થાતંત્ર હેઠળ આ મંત્રણાઓ



ચાલે છે. ચીન અને ભારત બંને દેશો મંત્રણા મારફત તેમના મતભેદોમાં ઘટાડો કરીને અમુક સર્વસંમતિ સાધી શક્યા છે. આ ઉપરાંત બંને દેશો એકબીજાની કાયદેસરની ચિંતાઓનો ઉકેલ લાવવા મંત્રણાને વધુ મજબૂત કરવા સંમત થયા છે. બંને પક્ષો બંને પક્ષોને સ્વીકાર્ય હોય તેવી વહેલી તારીખે ઉકેલ પર પહોંચવા સંમત થયાં છે. અહી ઉલ્લેખનીય છે કે પૂર્વ લદ્દાખમાં બંને દેશો વચ્ચે આશરે ચાર વર્ષથી લશ્કરી મડાગાંઠ સર્જાઈ છે. કેટલાંક સંઘર્ષ પોઈન્ટ્સ પરથી બંને દેશોએ એકબીજાના લશ્કરી દળોને પાછા બોલાવી લીધા છે, પરંતુ ખાસ કરીને ડેમચોક અને ડેપસાંગ સીમા પોઈન્ટ્સ પર હજુ મડાગાંઠ છે. તેનાથી બંને દેશો વચ્ચેના સંબંધો પણ કથળેલા છે. ચીની મિલિટરીના પ્રવક્તા આ મુદ્દે સવાલના જવાબ આપી રહ્યાં હતાં.

### પીએમ મોદીનો પૂણે પ્રવાસ રદ

## મુંબઇમાં ભારે વરસાદથી ચાર વ્યક્તિના મોત નિપજ્યાં

**હવામાન વિભાગે મુંબઇ અને થાણેમાં વરસાદ માટેનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે, જ્યારે પાલઘરના કેટલાક વિસ્તારો માટે 'રેડ એલર્ટ' જારી કરાયું**

। મુંબઇ, તા.૨૮ ।

મુંબઈ અને પુણેમાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું છે. મુંબઈમાં બુધવારે નીચાણવાળા વિસ્તારોમાં પ ાણી ભરાવાથી લોકલ ટ્રેનની સેવાને અસર થઈ હતી. ૧૪ ફ્લાઈટ્સના રુટ્સ ડાઈવર્ટ કરવા પડ્યા હતા. આર્થિક રાજધાનીમાં ભારે વરસાદને કારણે ચાર લોકોના મૃત્યુ થયા હતા. પુણેમાં ૨૪ કલાકમાં ૧૩૩ મિમી. વરસાદને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રવાસ રદ કરવાની ફરજ પડી હતી. હવામાન વિભાગે મુંબઈ અને થાણેમાં વરસાદ માટેનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. જ્યારે પ ાલઘરના કેટલાક વિસ્તારો માટે 'રેડ એલર્ટ' જારી કરાયું છે. મુંબઈમાં ભારે વરસાદને કારણે બીએમસીએ ગુરુવારે તમામ શાળા અને કોલેજોમાં રજા જાહેર કરી હતી. મુંબઈ પોલીસ શહેર અને આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને શક્ય એટલું ઘરની અંદર રહેવા જણાવ્યું હતું. પુણેમાં અત્યાર સુધીનો ત્રીજો સૌથી વધુ વરસાદ ઝીંકાયો હતો. શહેરમાં ૨૪ કલાકમાં ૧૩૩ મિમી. વરસાદ ખાબક્યો હતો. થાણેના મુંબ્રા બાયપાસ પર બુધવારે રાતે ૯.૩૦ કલાકે ભારે વરસાદને કારણે ભેખડ ધસી પડી હતી. તેને લીધે ત્રણ કલાક સુધી ટ્રાફિક જામ થયો હતો. મુંબઈ એરપોર્ટ પર આવતી લગભગ ૧૪ ફ્લાઈટ્સ ડાઈવર્ટ કરવી પડી હતી. ભારે પ વન અને વરસાદને કારણે તેમને એરપોર્ટ પર લેન્ડ થવાની મંજૂરી આપવામાં આવી ન હતી. સતત વરસાદને કારણે ઘણી ટ્રેન સેવા પણ અટકાવવી પડી હતી.

### ન્યૂઝ બ્રિફ



## સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહેમદ લડશે વિધાનસભાની ચૂંટણી

। મુંબઇ, તા.૨૮ ।

મહારાષ્ટ્રમાં હજુ સુધી ન તો ચૂંટણી જાહેર કરવામાં આવી છે કે ન તો કોઈ પક્ષે સત્તાવાર રીતે બેઠક વહેંચણીની ફોર્મ્યુલા જાહેર કરી છે, પરંતુ નેતાઓ પહેલેથી જ તેમના પક્ષના ઉમેદવારોની સંભવિત બેઠકો માટે પ્રચાર કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટી, જે એમવીએ ગઠબંધનનો ભાગ છે, તેને મુંબઈના અનુ શક્તિનગર વિધાનસભા ક્ષેત્રમાંથી ટિકિટ મળવાની પૂરી આશા છે.આ સીટ પર અભિનેત્રી સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહેમદને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. આ બેઠક પરથી વર્તમાન ધારાસભ્ય એનસીપીના નવાબ મલિક છે. પરંતુ હાલમાં મલિક અજિત પવાર કેમ્પમાં છે અને તેમની તબિયત પણ ખરાબ છે. આવી સ્થિતિમાં મલિકના ચૂંટણી લડવાની આશા ઓછી છે.

## યુનાઇટેડ કિંગડમે હિન્દી ફિલ્મ 'સંતોષ'ને ઓસ્કાર માટે મોકલી

। મુંબઇ, તા.૨૮ ।

બ્રિટિશ એકેડમીએ યુનાઈટેડ કિંગડમ (યુકે) વતી સંધ્યા સૂરી દ્વારા નિર્દેશિત હિન્દી ફિલ્મ 'સંતોષ'ને ઓસ્કાર માટે મોકલવાનો નિર્ણય કર્યો છે. 'સંતોષ' ઓસ્કારની ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં યુકેની સત્તાવાર એન્ટ્રી હશે. આ એક ક્રાઈમ થ્રિલર ફિલ્મ છે. કાન્સમાં અન-સર્ટન રિગાર્ડ કોમ્પિટિશનમાં તેનું સ્ક્રીનિંગ થયું ત્યારે તેની ખૂબ ચર્ચા થઈ હતી.સંધ્યા સૂરી બ્રિટિશ-ભારતીય ફિલ્મ નિર્માતા છે. સંતોષનું દિગ્દર્શન કરવાની સાથે તેણે તેને લખ્યું પણ છે. આ ફિલ્મમાં શહાના ગોસ્વામી લીડ રોલમાં જોવા મળી રહી છે. સંધ્યાએ અગાઉ ૨૦૦૫માં રિલીઝ થયેલી તેની ડોક્યુમેન્ટ્રી 'આઈ ફોર ઈન્ડિયા' અને ૨૦૧૮માં રિલીઝ થયેલી 'અરાઉન્ડ ઈન્ડિયા વિથ અ મૂવી કેમેરા' માટે પ્રશંસા મેળવી હતી. ફિલ્મ ભલે યુકેથી મોકલવામાં આવી હોય, પરંતુ તે ભારતીય છે. તેની વાર્તા ઉત્તર ભારતના એક ગામની છે.'સંતોષ' આ ફિલ્મની મુખ્ય અભિનેત્રીનું નામ છે. સંતોષના લગ્ન થાય છે અને થોડા જ સમયમાં તેના પ તિનું મૃત્યુ થઈ જાય છે.

## ઝારખંડમાં એજેએસયુ,જદયુ સાથે ભાજપનું ગઠબંધન, સાથે લડશે ચૂંટણી : મુખ્યમંત્રી સરમા

। રાંચી, તા.૨૮ ।

ઝારખંડમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ શનિવારે આ ચૂંટણીને લઈને મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે ભાજપ ઝારખંડમાં આગામી વિધાનસભા ચૂંટણી એનડીએના સહયોગી એજેએસયુ પાર્ટી અને જનતા દળ યુનાઈટેડ સાથે ગઠબંધન કરીને લડશે. સરમા ભાજપના ઝારખંડ ચૂંટણીના સહ-પ્રભારી પણ છે. તેમણે કહ્યું કે સીટ શેરિંગ એગ્રીમેન્ટ ટૂંક સમયમાં પૂર્ણ થશે. તેમણે રાંચીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં એમ પણ કહ્યું કે ભાજપ એજેએલયુ પાર્ટી અને જનતા દળ યુનાઈટેડ સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડશે.

## ઈરાની ઓપરેટિવ્સ પર ટ્રમ્પના રાષ્ટ્રપતિ અભિયાનને હેક કરવાનો આરોપ

। વોશિંગ્ટન, તા.૨૮ ।

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખપદની ઝુંબેશને હેક કરવા અને મીડિયા સંસ્થાઓને ચોરાયેલી માહિતી પ્રસારિત કરવાના શંકાસ્પદ ત્રણ ઈરાની ઓપરેટિવ્સ સામે ફોજદારી આરોપો દાખલ કર્યા છે. કેસમાં, ન્યાય વિભાગે જણાવ્યું હતું કે ત્રણ આરોપી હેકર્સ ઈરાનના અર્ધલશ્કરી દળ રિવોલ્યુશનરી ગાર્ડમાં કામ કરતા હતા અને તેમના અભિયાનમાં સરકારી અધિકારીઓ, મીડિયાના સભ્યો અને બિન-સરકારી સંસ્થાઓ સહિત વિવિધ પ્રકારના લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા.તમને જણાવી દઈએ કે ટ્રમ્પના કેમ્પેઈનમાં ૧૦ ઓગસ્ટના રોજ ખુલાસો થયો હતો કે તેને હેક કરવામાં આવ્યું હતું અને કહ્યું હતું કે ઈરાની ઓપરેટિવ્સે સંવેદનશીલ આંતરિક દસ્તાવેજોની ચોરી કરી હતી અને તેને મીડિયા સંસ્થાઓમાં વહેંચી દીધી હતી. કેટલાક મુખ્ય સમાચાર સંગઠનોએ જણાવ્યું હતું કે તેઓને પોલિટિકો, ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ અને ધ વોશિંગ્ટન પ ોસ્ટ સહિત ટ્રમ્પ ઝુંબેશની અંદરથી ગુપ્ત માહિતી લીક કરવામાં આવી હતી, પરંતુ તેને પ્રકાશિત કરવાનો ઈનકાર કર્યો હતો. યુએસ ઈન્ટેલિજન્સ અધિકારીઓએ પ ાછળથી ઈરાનને ટ્રમ્પ ઝુંબેશ અને જો બિડેન-કમલા હેરિસ અભિયાનને હેક કરવાના પ્રયાસો સાથે જોડ્યા.

**સત્તાધારી પાર્ટી દ્વારા નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા** | **જાપાનના વર્તમાન વડાપ્રધાન કિશિદા અને તેમના કેબિનેટ મંત્રીઓ મંગળવારે રાજીનામું આપશે**

# શિગેરુ ઇશિબા જાપાનના વડા પ્રધાન બન્યા, આવતા અઠવાડિયે ચાર્જ લેશે

। ટોક્યો, તા.૨૮ ।

ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન શિગેરુ ઈશિબા (૬૭)ને જાપ ાનની સત્તાધારી પાર્ટી દ્વારા તેના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તેઓ આવતા અઠવાડિયે વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળશે. પક્ષના નેતા તરીકે ચૂંટાયા એ વડાપ્રધાન પ દની ટિકિટ છે, કારણ કે સત્તાધારી લિબરલ ડેમોક્રેટિક પાર્ટી ગઠબંધન પાસે હાલમાં સંસદમાં બહુમતી છે. પાર્ટીની આ ચૂંટણીમાં બે મહિલા સહિત નવ ઉમેદવારો મેદાનમાં હતા. ઈશિબાને પાર્ટીના સાંસદો અને પાયાના સભ્યો દ્વારા વોટિંગ




દ્વારા ચૂંટવામાં આવ્યા હતા.વર્તમાન વડા પ્રધાન ફ્યુમિયો કિશિદા ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલા છે અને તેમની પાર્ટી આગામી સામાન્ય ચૂંટણી પહેલા લોકોનો વિશ્વાસ પાછો મેળવવાની આશામાં નવા નેતાની શોધ કરી રહી છે.

પાર્ટીના દિગ્ગજ નેતાઓ વચ્ચે ચાલી રહેલી આંતરિક વાતચીત અને સમાધાનની શક્યતાઓને જોતા, આ ચૂંટણીમાં કોનો હાથ ઉપર રહેશે તે અનુમાન કરવું મુશ્કેલ હતું.ટેલિવિઝનના પ્રારંભિક અંદાજ મુજબ, ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન શિગેરુ ઈશિબા, આર્થિક સુરક્ષા પ્રધાન સાને ટાકાઈચી અને ભૂતપૂર્વ પર્યાવરણ પ્રધાન શિંજીરો કોઈઝુમી સૌથી આગળ હતા. મીડિયા સર્વેમાં પણ ઈશીબા અગ્રેસર હોવાનું નોંધાયું હતું. તાકાઈચી ભૂતપૂર્વ વડા પ્રધાન શિન્ઝો આબેના નજીકના રહ્યા છે અને તેમની ગણતરી કટ્ટર રૂઢિચુસ્ત નેતાઓમાં થાય છે.

જાપાનના વર્તમાન વડાપ્રધાન કિશિદા અને તેમના કેબિનેટ મંત્રીઓ મંગળવારે રાજીનામું આપશે. જિનીવા સ્થિત ઈન્ટર-પ ાર્લામેન્ટરી યુનિયન દ્વારા એપ્રિલમાં બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, જાપાન ૧૯૦ દેશોમાંથી મહિલાઓના પ્રતિનિધિત્વના સંદર્ભમાં ૧૬૩મા ક્રમે છે. જાપ ાનની સંસદના નીચલા ગૃહમાં મહિલાઓની સંખ્યા માત્ર ૧૦.૩ ટકા છે. ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન શિગેરુ ઈશિબા (૬૭)ને જાપાનની સત્તાધારી પાર્ટી દ્વારા તેના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તેઓ આવતા અઠવાડિયે વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળશે.

## આ નવું ભારત છે, ઘરોમાં ઘૂસીને મારી નાખે છે : પીએમ

# સરકારે ગોળીઓનો જવાબ શેલ વડે આપ્યો : વડાપ્રધાન મોદી

**દેશના કરોડો યુવાનોના પ્રેરણાસ્ત્રોત ભગતસિંહજીને હું આદરપૂર્વક વંદન કરું છું । અહીંના લોકો શાંતિ અને સમૃદ્ધિ ઈચ્છે છે, અહીંના લોકો તેમના બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય ઈચ્છે છે**

। શ્રીનગર, તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીરના એમએ સ્ટેડિયમમાં વિજય સંકલ્પ રેલી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ચૂંટણી જમ્મુ-કાશ્મીરનું ભવિષ્ય પસંદ કરવાની છે. આજે શહીદ વીર સરદાર ભગતસિંહની જન્મજયંતિ પણ છે. દેશના કરોડો યુવાનોના પ્રેરણાસ્ત્રોત ભગતસિંહજીને હું આદરપૂર્વક વંદન કરું છું.પીએમ મોદીએ કહ્યું કે જમ્મુમાં આ બેઠક આ વિધાનસભા ચૂંટણીની મારી છેલ્લી બેઠક છે. મને છેલ્લા અઠવાડિયામાં જમ્મુ અને કાશ્મીરના વિવિધ ભાગોની મુલાકાત લેવાની તક મળી છે. હું જ્યાં પણ જાઉં છું ત્યાં ભાજપ પ્રત્યે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળે છે.પીએમ મોદીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરના લોકો આતંકવાદ, અલગતાવાદ અને હિંસા નથી ઈચ્છતા. અહીંના લોકો શાંતિ અને સમૃદ્ધિ ઈચ્છે છે. અહીંના લોકો તેમના બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય ઈચ્છે છે. અને ખાતરીપૂર્વક કહીએ તો અહીંના લોકો ભાજપની સરકાર ઈચ્છે છે.







### કોંગ્રેસ ક્યારેય દેશ માટે શહીદ થયેલા લોકોનું સન્માન કરી શકતી નથી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ''કોંગ્રેસ ક્યારેય દેશ માટે શહીદ થયેલા લોકોનું સન્માન કરી શકતી નથી. આ કોંગ્રેસે જ આપણા સૈનિક પરિવારોને ૪ દાયકાઓ સુધી 'વન રેંક વન પેન્શન' માટે તડપ્યા હતા. કોંગ્રેસ આપણા સૈનિકો સાથે ખોટું બોલે છે. તેઓ કહેતા હતા કે 'વન રેંક વન પેન્શન',ઓઆરઓપી તિજોરી પર દબાણ લાવશે પરંતુ મોદીએ ક્યારેય સેનાના પરિવારોના હિતને ધ્યાનમાં રાખ્યું નથી અને તેથી ૨૦૧૪ માં સરકાર બન્યા પછી, અમે ઓઆરઓપી લાગુ કરીને અત્યાર સુધીમાં રૂ ૧ લાખ ૨૦ હજાર કરોડ તાજેતરમાં અમે ઓઆરઓપીને પણ પુનર્જીવિત કર્યું છે જેના કારણે સૈન્ય પરિવારોને વધુ પૈસા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### પરિણામો ૮મી ઓક્ટોબરે માતાની નવરાત્રિના દિવસે જાહેર કરવામાં આવશે


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ''પરિણામો ૮મી ઓક્ટોબરે માતાની નવરાત્રિના દિવસે જાહેર કરવામાં આવશે અને આપણે બધા માતા વૈષ્ણો દેવીની છાયામાં મોટા થયા છીએ અને ૧૨મી ઓક્ટોબરે વિજયાદશમી છે. આ વખતે વિજયાદશમીની શુભ શરૂઆત થશે. આપણા બધા માટે જમ્મુ હોય, સામ્બા હોય, કઠુઆ હોય, દરેક જગ્યાએ એક જ સૂત્ર ગુંજી રહ્યું છે, 'આ જમ્મુની હાકલ છે, ભાજપની સરકાર આવી રહી છે'. પીએમ મોદીએ કહ્યું કે આજે ૨૮મી સપ્ટેમ્બર છે, વર્ષ ૨૦૧૬માં આ રાત્રે સર્જિકલ સ્ટ્રાઈક થઈ હતી... ભારતે દુનિયાને કહ્યું હતું કે આ નવું ભારત છે... ઘરમાં ઘૂસીને મારી નાખે છે.

### કોંગ્રેસ સંપૂર્ણ રીતે શહેરી નક્સલવાદીઓના નિયંત્રણમાં : પીએમ

પીએમ મોદીએ કહ્યું, ''આજની કોંગ્રેસ સંપૂર્ણ રીતે 'શહેરી નક્સલવાદીઓ'ના નિયંત્રણમાં છે. જ્યારે વિદેશથી ઘૂસણખોરો અહીં આવે છે, તો પછી કોઈને કોઈ કારણસર કોંગ્રેસ તેને પસંદ કરે છે. તેમને તેમાં પોતાની વોટ બેંક દેખાય છે. પરંતુ તેઓ પોતાના જ લોકોની મજાક ઉડાવે છે. ક્રૂડ રીતે.'' પીએમ મોદીએ કહ્યું કે દાયકાઓથી કોંગ્રેસ, એનસી અને પીડીપી પક્ષોએ તેમના નેતાઓ અને પરિવારોના હિતોને પ્રાથમિકતા આપી છે, જ્યારે જમ્મુ-કાશ્મીરના લોકોએ ઘણું સહન કર્યું છે. કોંગ્રેસ પાર્ટી તેની ખામીયુક્ત નીતિઓ, ઉદાસીનતા અને ઉપેક્ષા દ્વારા આપણી પેઢીઓના અધોગતિ અને શોષણ માટે નોંધપાત્ર રીતે જવાબદાર છે. પરંતુ હું તમને ખાતરી આપું છું કે સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે ભાજપની મજબૂત પ્રતિબદ્ધતા સાથે, અમે અમારા લોકો સાથે થયેલા અન્યાયને સુધારવા માટે કોઈ કસર છોડીશું નહીં.

---

## તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની સોનુએ શોને અલવિદા કહ્યુ



। મુંબઇ, તા.૨૮ ।

ટીવીનો ચર્ચિત અને ધમાકેદાર શો તારક મહેતા કા ઉલ્ટા ચશ્માએ ચાહકોનું દિલ જીતવામાં કોઈ કસર છોડી નથી, સીરિયલને લઈ એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. હાલમાં શોમાં સોનુનું પાત્ર નિભાવતી પલક સિંધવાનીએ શોને અલવિદા કહ્યું છે.તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના પ્રોડક્શન હાઉસ નીલ ફિલ્મ પ્રોડક્શને પલક સિંધવાનીને એક લીગ નોટિસ મોકલી છે. પલક શોમાં સોનુ ભિડેનો રોલ પ્લે કરી રહી છે. નોટિસમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે પલકએ એક્સક્લુઝિવ આર્ટિસ્ટ કોન્ટ્રાક્ટના ઘણા નિયમો સાથે રમત રમી છે, જેના કારણે શો અને પ્રોડક્શન કંપનીને મોટું નુકસાન થયું છે.સોનુના પાત્રમાં જોવા મળતી પલક સિંધવાનીએ સીરિયલને અલવિદા કહી દીધું છે પરંતુ જતાં-જતાં મેકર્સની પોલ પણ ખોલી નાંખી છે. સાથે તેના પર માનસિક ત્રાસ આપવાનો પણ આરોપ લગાવ્યો હતો.

## સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી ભારતે ફરી એકવાર પાકિસ્તાનની ટીકા કરી

# પાકિસ્તાન વિશ્વભરમાં આતંકવાદ । ડ્રગ્સની હેરાફેરી માટે વિશ્વભરમાં કુખ્યાત છે : ભારત

**દુનિયા જાણે છે કે, પાકિસ્તાન લાંબા સમયથી તેના પડોશીઓ વિરુદ્ધ સીમા પારના આતંકવાદનો ઉપયોગ હથિયાર તરીકે કરે છે : રાજદ્વારી**

। વોશિંગ્ટન,તા.૨૮ ।

સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી ભારતે ફરી એકવાર પાકિસ્તાનની ટીકા કરીને વિશ્વને તેની વાસ્તવિકતા બતાવી છે. ભારતના રાજદ્વારી ભાવિકા મંગલાનંદને સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પાકિસ્તાનના વડા પ્રધાન શહેબાઝ શરીફને જવાબ આપતા કહ્યું કે, પાકિસ્તાન વિશ્વભરમાં આતંકવાદ, ડ્રગ્સની હેરાફેરી માટે વિશ્વભરમાં કુખ્યાત છે અને તે વિશ્વની સૌથી મોટી લોકશાહી પર હુમલો કરવાની હિંમત ધરાવે છે.ભારતીય રાજદ્વારીએ કહ્યું, 'દુ:ખની વાત એ છે કે આજે સવારે આ બેઠકમાં એક હાસ્યાસ્પદ ઘટના બની. આતંકવાદ, નાર્કોટિક્સ, વેપાર અને આંતરરાષ્ટ્રીય અપરાધ માટે વૈશ્વિક સ્તરે કુખ્યાત સૈન્ય સંચાલિત દેશ, વિશ્વની સૌથી મોટી લોકશાહી પર હુમલો કરવાની હિંમત ધરાવે છે. હું પાકિસ્તાની વડાપ્રધાનના ભાષણમાં ભારતના સંદર્ભની વાત કરી રહ્યો છું. દુનિયા જાણે છે કે, પાકિસ્તાન લાંબા સમયથી તેના પડોશીઓ વિરુદ્ધ સીમા પારના આતંકવાદનો ઉપયોગ હથિયાર તરીકે કરે છે. તેણે આપણી સંસદ, આપણી આર્થિક રાજધાની મુંબઈ, બજારો અને યાત્રાધામો પર હુમલો કર્યો છે. આ યાદી ઘણી લાંબી છે. આવા દેશ માટે ક્યાંય પણ હિંસાની વાત કરવી એ સૌથી મોટો દંભ છે.ભાવિકા મંગલાનંદને કહ્યું હતું કે 'ધાંધલ-ધમાલવાળી ચૂંટણીનો ઈતિહાસ ધરાવતા દેશ માટે લોકશાહીમાં રાજકીય વિકલ્પો વિશે વાત કરવી એ વધુ આશ્ચર્યજનક છે. વાસ્તવિક સત્ય એ છે કે પાકિસ્તાન આપણા પ્રદેશ પર ખરાબ નજર રાખે છે અને ભારતના અભિન્ન અંગ એવા જમ્મુ અને કાશ્મીરની ચૂંટણીમાં વિક્ષેપ પાડવા માટે આતંકવાદનો સતત ઉપયોગ કરી રહ્યું છે. આતંકવાદ સાથે કોઈ સમજૂતી થઈ શકે નહીં.




**પાડોશી દેશ આર્મેનિયા સાથે વિવાદ**


## અઝરબૈજાને પાકિસ્તાન પાસેથી ૧.૬ અબજ ડોલરમાં ૮ ફાઈટર પ્લેન ખરીદ્યા

**જુલાઈમાં ઈસ્લામાબાદની મુલાકાત દરમિયાન અલીયેવને ફાઈટર એરક્રાફ્ટની ક્ષમતાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી**

। ઇસ્લામાબાદ, તા.૨૮ ।

અઝરબૈજાને પાકિસ્તાન પાસેથી ૧.૬ અબજ ડોલર (ભારતીય ચલણમાં લગભગ ૧૩ હજાર કરોડ રૂપિયા)માં JF-૧૭ ફાઈટર એરક્રાફ્ટ ખરીદ્યું છે. ડૉન અખબારના અહેવાલ મુજબ, આ વર્ષે ફેબ્રુઆરીમાં કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તમને જણાવી દઈએ કે અઝરબૈજાને નાગોર્નો-કારાબાખ ક્ષેત્ર પર નિયંત્રણ મેળવી લીધું છે. તેનો પાડોશી દેશ આર્મેનિયા સાથે વિવાદ ચાલી રહ્યો છે.અઝરબૈજાની મીડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ડીલ હેઠળ અઝરબૈજાનને દારૂગોળો ઉપરાંત પાકિસ્તાન પાસેથી આઠ જેએફ -૧૭સી બ્લોક ૩ એરક્રાફ્ટ મળશે. જેમાં હવાથી સરફેસ મિસાઈલનો સમાવેશ થશે. ગયા બુધવારે, એરક્રાફ્ટ ઔપચારિક રીતે અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઈલ્હામ અલીયેવને હૈદર અલીયેવ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોંપવામાં આવ્યું હતું. અઝરબૈજાનના રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે એફ-૧૭ ફાઈટર જેટને દેશની વાયુસેનાના શસ્ત્રાગારમાં સામેલ કરવામાં આવ્યું છે.પાકિસ્તાન આર્મીની મીડિયા વિંગ ઈન્ટર-સર્વિસીસ પબ્લિક રિલેશન્સે જણાવ્યું હતું કે જુલાઈમાં ઈસ્લામાબાદની મુલાકાત દરમિયાન અલીયેવને ફાઈટર એરક્રાફ્ટની ક્ષમતાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ અલીયેવે કરારની પ્રશંસા કરતા કહ્યું કે આ ડીલ પાકિસ્તાન અને અઝરબૈજાન વચ્ચે મજબૂત સૈન્ય સહયોગની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## ટીવી સીરિયલ અનુપમામાં રૂપાલી ગાંગુલીનું સ્થાન લેશે શિવાંગી જોશી?



। મુંબઇ, તા.૨૮ ।

દેશની નંબર વન સિરિયલ અનુપમા ટૂંક સમયમાં ૧૫ વર્ષનો લીપ લેવા જઈ રહી છે. આ લીપને કારણે ઘણા કલાકારો શો છોડવા જઈ રહ્યા છે અને ઘણા નવા કલાકારો પણ રાજન શાહીના આ શોમાં આવવાના છે. આ નવા કલાકારોમાં સૌથી લોકપ્રિય નામ શિવાંગી જોશીનું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અનુપમામાં ૧૫ વર્ષના લીપ પછી 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'ની નાયરા એટલે કે અભિનેત્રી શિવાંગી જોશી રૂપાલી ગાંગુલીના શોમાં એન્ટ્રી કરી શકે છે.શિવાંગી જોશી આ સિરિયલમાં અનુપમા અને અનુજ કાપડિયાની દીકરી આદ્યા કાપડિયાની ભૂમિકામાં જોવા મળશે. હાલમાં ઔરા ભટનાગર અનુપમામાં આદ્યાનો રોલ કરી રહી છે. હવે શું રૂપાલી ગાંગુલી શિવાંગી જોશીની એન્ટ્રી બાદ શોમાં રહેશે કે પછી તે લીપ બાદ પણ શોને અલવિદા કહી દેશે તે હજુ સુધી જાહેર થયું નથી. પરંતુ આ પહેલા પણ શિવાંગી જોશી સિરિયલ 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'માં હિના ખાન સાથે સ્ક્રીન શેર કરી ચૂકી છે.

## ચેક બાઉન્સ કેસમાં અમીષા પટેલને મોટી રાહત

। રાંચી, તા.૨૮ ।

પોતાની તાજેતરની બ્લોકબસ્ટર 'ગદર ૨' માટે લાંબા સમયથી હેડલાઈન્સમાં રહેલી અમીષા પટેલ તેના જીવન સાથે જોડાયેલા એક વિવાદને કારણે ફરી એકવાર ચર્ચામાં આવી છે. અમે વાત કરી રહ્યા છીએ અમીષા પટેલના ચેક બાઉન્સ કેસની જે ૨૦૧૮થી ચાલી રહ્યો છે. રાંચીની એક અદાલતે બોલિવૂડ અભિનેત્રી અમીષા પટેલ સામે ફરિયાદીને સમગ્ર રકમ ચૂકવી દીધા બાદ તેના વિરુદ્ધ રૂ. ૨.૫ કરોડના ચેક બાઉન્સ કેસનો નિકાલ કર્યો હતો. ઝારખંડના ફિલ્મ નિર્માતા અજય કુમાર સિંહે આ સંબંધમાં અરજી દાખલ કર્યા બાદ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડીએન શુક્લાની કોર્ટે કેસનો નિકાલ કર્યો હતો. સિંહે ૨૦૧૮માં પટેલ વિરુદ્ધ છેતરપિંડી અને ચેક બાઉન્સની ફરિયાદ નોંધાવી હતી. અમીષા પટેલ વિરુદ્ધ સીપીસીની કલમ ૪૨૦ અને ૧૨૦ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદી અજય કુમાર સિંહે કહ્યું હતું કે અભિનેત્રી અને તેના બિઝનેસ પાર્ટનરએ 'દેશી મેજિક' નામની ફિલ્મના નિર્માણ અને પ્રમોશન માટે તેમની પાસેથી ૨.૫ કરોડ રૂપિયા લીધા હતા.

## કારની અંદરથી એક જ પરિવારના ૫ લોકોના મૃતદેહ મળ્યા

। પુડુકોટ્ટાઈ, તા.૨૮ ।

જિલ્લાના નમનસમુદ્રમ પોલીસ સ્ટેશનની હદમાં એક ઘરની બહાર પાર્ક કરેલી કારમાંથી ૫ મૃતદેહ મળી આવતાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. સવારે તિરુચી-કરાઈકુડી નેશનલ હાઈવે પર નમનસમુદ્રમ પાસે એક ઈમારતની બહાર પાર્ક કરેલી કારમાંથી એક જ પરિવારના પાંચ સભ્યો મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર આ તમામ લોકો તમિલનાડુના સાલેમના રહેવાસી હતા. પોલીસ ટીમ આ કેસની તપાસમાં વ્યસ્ત છે. હાલ તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મણિગંદન નામના વ્યક્તિએ બિઝનેસ માટે લોન લીધી હતી.


## કેલિફોર્નિયાના મંદિરમાં 'હિન્દુઓ પાછા જાઓ'ના સૂત્રો લખાયાં

**આ ઘટના કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં બની હતી, આ પહેલા ન્યૂયોર્કના સ્વામીનારાયણ મંદિરમાં પણ આવી જ ઘટના બની હતી**

# અમેરિકામાં દસ દિવસમાં વધુ એક હિન્દુ મંદિર પર હુમલાથી સનસનાટી

। કેલિફોર્નિયા, તા.૨૮ ।

અમેરિકાના કેલિફોર્નિયામાં હિન્દુ ધર્મના ધર્મસ્થાન પર હુમલો થયો છે. છેલ્લા ૧૦ દિવસમાં બીજી વખત હિન્દુ ધાર્મિક સ્થળ પર આ રીતે હુમલો કરવામાં આવ્યા છે. એટલું જ નહીં આ દરમિયાન સ્વામિનારાયણ મંદિરમાં હિન્દુવિરોધી નારા પણ લખવામાં આવ્યા હતા. કેટલાક તત્વોએ 'હિન્દુઝ ગો બેક'ના સૂત્રો લખ્યા હતા. આ ઘટના કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં બની હતી. આ પહેલા ન્યૂયોર્કના સ્વામીનારાયણ મંદિરમાં પણ આવી જ ઘટના બની હતી. હાલમાં અમેરિકામાં હિન્દુમિશિયા વધી રહ્યો છે. હિન્દુમિશિયા એ અંગ્રેજી શબ્દ છે જેનો ઉપયોગ હિન્દુઓ પ્રત્યે નફરતને વ્યાખ્યાયિત કરવા માટે થાય છે. આને હિન્દુફોબિયા પણ કહી શકાય. જો કે, બંને વચ્ચેનો તફાવત એ છે કે હિન્દુફોબિયા શબ્દમાં ડરનો સમાવેશ થાય છે જ્યારે હિન્દુમિશિયા હિન્દુઓ પ્રત્યે તિરસ્કાર-અણગમાનો ભાવ દર્શાવે છે. આ હુમલાની માહિતી સ્વામીનારાયણ મંદિર તરફથી એક્સ પર આપવામાં આવી છે. મંદિર તરફથી લખવામાં આવ્યું હતું કે, 'ન્યૂયોર્કમાં સ્વામિનારાયણ મંદિર પર હુમલા બાદ ૧૦ દિવસમાં આ બીજો હુમલો છે. જેમાં કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં સ્વામિનારાયણ મંદિર પર હુમલો થયો હતો. આ દરમિયાન હિન્દુઓને પાછા જાવના સૂત્રો લખવામાં આવ્યા હતા. અમે આ નફરત સામે સંગઠિત છીએ અને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ. સેક્રામેન્ટોની સ્થાનિક સંસ્થાએ પણ હુમલાની પુષ્ટિ કરી છે. પ્રશાસનનું કહેવું છે કે મંદિરમાં માત્ર તોડફોડ જ નથી કરવામાં આવી પરંતુ ત્યાંની પાઈપલાઈન પણ સમાજ વિરોધીઓએ કાપી નાખી છે. આ તોડફોડ બાદ મોટી સંખ્યામાં લોકો મંદિરમાં પૂજા માટે પહોંચ્યા હતા.




**મૃતકોમાં ૩૭ બાળકો** | **મીડિયા રિપોર્ટ પ્રમાણે કેટલાક જિલ્લામાં હજુ પણ કેટલાક લોકોની શોધખોળ ચાલુ । મૃતકોની સંખ્યા વધી શકે**

# બિહારમાં પર્વની ઉજવણી ટાણે ડૂબવાથી ૪૬ લોકોના મોત

। બિહાર, તા.૨૮ ।

બિહારના કેટલાક જિલ્લામાં જિતિયા પર્વનો ઉત્સાહ શોકમાં પરિવર્તિત થયો છે. જિતિયા પર્વના અવસર પર નદી અને તળાવોમાં સ્નાન કરવા ગયેલા લોકોમાંથી હમણા સુધી ૪૬ લોકોના મોત થયા છે. એમાંથી ૩૭ બાળકો, સાત મહિલાઓ અને બે પુરુષો સામેલ છે. પાણીમાં ડૂબીને મોત થવાની ઘટનાઓ - પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ, નાલંદા, ઔરંગાબાદ, કૈમૂર, બક્સર, સીવાન, રોહતાસ, સારણ, પટના, વૈશાલી, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, ગોપાલગંજ અને અરવલમાં બની છે. ડૂબને લીધે સૌથી વધુ ૧૦ મોત ઔરંગાબાદમાં બની છે. જિતિયા દરમિયાન મોટાભાગના મોત નદીમાં સ્નાન કરવા દરમિયાન બન્યા છે. ઔરંગાબાદ પછી સૌથી વધુ પાંચ લોકોના મોત છપરામાં થયા છે. આ ઉપરાંત રોહતાસમાં ૪, કૈમૂરમાં ૩, સીવાનમાં ૩, મોતિહારીમાં ૩,બેતિયામાં ૨, બેગૂસરાયમાં ૨, ગોપાલગંજ, ભોજપુર, નાલંદા, દરભંગા,મધુબની, સમસ્તીપુર અને અરવલમાં એક-એક વ્યક્તિના મોત થયા છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે કેટલાક જિલ્લામાં હજુ પણ કેટલાક લોકોની શોધખોળ ચાલુ છે. એવામાં મૃતકોની સંખ્યા વધી શકે છે. મુખ્યમંત્રી નીતીશકુમારે ઘટના પર શોક વ્યક્ત કરીને કહ્યું કે જિતિયાના અવસર પર જે ઘટનાઓ બની, એ ખૂબ જ દુખદ છે. મુખ્યમંત્રીએ મૃતકોના આશ્રિતોને ચાર-ચાર લાખ રૂપિયાનું વળતર આપવાની પણ જાહેરાત કરી છે. કૈમૂરા સકરી બંધની પાસે બુધવારે સાંજે જિતિયા પર્વ પર પોતાની માતા અને પરિવારજનો સાથે સ્નાન કરવા દરમિયાન એક પાંચ વર્ષના બાળકનું નહેરમાં ડૂબી જવાથી મોત થયું છે. ઔરંગાબાદમાં જિતિયા પર્વ દરમિયાન ન્હાવા ગયેલા કેટલાક બાળકોના મોત થયા છે. બિહારના કેટલાક જિલ્લામાં જિતિયા પર્વનો ઉત્સાહ શોકમાં પરિવર્તિત થયો છે. જિતિયા પર્વના અવસર પર નદી અને તળાવોમાં સ્નાન કરવા ગયેલા લોકોમાંથી હમણા સુધી ૪૬ લોકોના મોત થયા છે.



A Project By
GIRIVAR BUILDCON

અલ્ટ્રા અમેનીટીઝ સાથે,

પ્રાઈમ લિવિંગ

@ NEW SHAHIBAUG

Sreevas

3 BHK & SHOPS



+91 95370 00497 | 77779 20026

Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330

RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERARI.GUJARAT.GOV.IN

FOR LOCATION

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya